RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 88, Dt.22-06-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# હવે પેપરલીક કરનારાઓને ૧૦ વર્ષની જેલ, રૂ. ૧ કરોડનો દંડ




## નીટના વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે ગઈકાલે મોડીરાત્રે બહાર પાડયું જાહેરનામુઃ પેપર ફોડનારની હવે ખેર નથીઃ પરીક્ષામાં વારંવાર થતી ગેરરીતિથી સરકાર આકરા પાણીએઃ તમામ પરીક્ષાઓને કાયદા હેઠળ આવરી લેવાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે સ્પર્ધાત્મક પરીક્ષાના પેપરલીક થવા જેવી ગેરરીતિ રોકવા ગઇકાલે રાત્રીથી કડક કાયદો લાગુ કરી દીધો છે. આવા ગુનામાં પકડાનાર દોષિતોને ૩ થી ૧૦ વર્ષની જેલ સજા અને ૧ કરોડ સુધીના દંડની જોગવાઇ કરવામાં આવી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ જાહેર પરીક્ષા અધિનિયમ-૨૦૨૪ની મંજૂરી આપ્યાના ચાર મહિના બાદ શ્રમ મંત્રાલયે રાત્રે જાહેરનામુ બહાર પાડયું હતું. જેમાં નવા કાયદા ૨૧ જુનથી જ લાગુ થયાનું જાહેર કરવામાં આવ્યું છે.

પેપર લીકને રોકવા માટે કેન્દ્ર સરકારે દેશમાં શુક્રવારે મોડી રાત્રે આ કાયદાને લઈને નોટિફિકેશન બહાર પાડ્યું હતું. આ કાયદાને પબ્લિક એક્ઝામિનેશન એક્ટ ૨૦૨૪ નામ આપવામાં આવ્યું છે. આ કાયદો ફેબ્રુઆરી ૨૦૨૪માં સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ કાયદાને મંજૂરી આપી દીધી છે.

આ કાયદાના અમલ પછી પેપર લીકના દોષિતોને ત્રણ વર્ષથી ૧૦ વર્ષ સુધીની સજા અને ૧૦ લાખથી ૧ કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. યુપીએસસી, એસએસસી, રેલવે, બેંકિંગ ભરતી પરીક્ષાઓ અને એનટીએ દ્વારા લેવામાં આવતી તમામ પરીક્ષાઓ આ કાયદાના દાયરામાં આવશે.

નેટ અને નીટ પરીક્ષામાં ગોટાળાના સમાચાર સામે આવ્યા બાદ દેશમાં ભારે હોબાળો મચી ગયો છે. આવી સ્થિતિમાં એનટીએ એ સીએસઆઇઆર-યુજીસી-નેટ પરીક્ષા પણ સ્થગિત કરી દીધી છે. એનટીએનું કહેવું છે કે સંસાધનોની અછતને કારણે આવું કરવામાં આવ્યું છે. આ પરીક્ષા ૨૫ જૂનથી ૨૭ જૂન વચ્ચે યોજાવાની હતી. આગામી તારીખ એનટીએની સત્તાવાર વેબસાઇટ પર જાહેર કરવામાં આવશે.

ગુજરાત અને બિહાર બાદ હવે ઝારખંડને લગતા નીટ પેપર લીકના તાર જોડાઈ રહ્યા હોય તેવું લાગે છે. પટનામાં નીટ પેપરની બળી ગયેલી પુસ્તિકા હજારીબાગ સેન્ટરમાંથી લીક થઈ હોવાની શંકા છે.

# સાઉદી અરેબિયામાં હજયાત્રા દરમિયાન હીટ સ્ટ્રોકથી ૧૧૦૦થી વધુ લોકોના મોત

## મૃત્યુનું કારણ વધુ પડતી ગરમીઃ અડધાથી વધુ ઈજીપ્તવાસીઓ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સાઉદી અરેબિયામાં હજ દરમિયાન ૧૧૦૦થી વધુ લોકોના મોત થયા છે. મૃત્યુનું કારણ ગરમી હોવાનું કહેવામાં આવી રહ્યું છે, ત્યારબાદ સાઉદી સરકાર પર હાજીઓ માટે યોગ્ય વ્યવસ્થા ન કરવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. સાઉદીના એક વરિષ્ઠ અધિકારીએ હવે ગલ્ફમાં મેનેજમેન્ટનો બચાવ કર્યો છે. ન્યૂઝ એજન્સી એએફપીના રિપોર્ટ અનુસાર, અધિકારીએ પહેલીવાર મોત પર સરકારનું મૌન તોડ્યું. સરકાર નિષ્ફળ ન હતી, પરંતુ લોકો દ્વારા એક ખોટો નિર્ણય લેવામાં આવ્યો હતો કારણ કે તેઓ જોખમને



ઓળખતા ન હતા, તેમણે કહ્યું.


વિવિધ ડેટાના આધારે સમાચાર એજન્સીએ જણાવ્યું કે મૃત્યુઆંક ૧૧૨૬ પર પહોંચી ગયો છે. આમાંથી અડધાથી વધુ ઈજિપ્તવાસીઓ છે. સાઉદી સરકારે હજના બે સૌથી વ્યસ્ત દિવસોમાં ૫૭૭ મૃત્યુની પુષ્ટિ કરી છે, અધિકારીએ જણાવ્યું હતું. પહેલો દિવસ હતો જ્યારે લોકો અરાફાત પર્વત પર સખત તડકામાં કલાકોની -ાર્થના માટે એકઠા થયા હતા અને બીજો દિવસ હતો જ્યારે લોકો શૈતાનને પથ્થર મારવાઁ માટે એકઠા થયા હતા. અધિકારીએ સ્વીકાર્યું કે ૫૭૭નો આંકડો આંશિક છે અને સમગ્ર હજ યાત્રાના દિવસોને આવરી લેતો નથી. તેમણે કહ્યું કે તે મુશ્કેલ હવામાન પરિસ્થિતિઓ અને અતિશય તાપમાનને કારણે થયું હતું.

# ૮ માસ બાદ જીએસટી કાઉન્સીલની બેઠકઃ અનેક મહત્વના નિર્ણયો લેવાશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રમાં સતારૂઢ થયેલી નવી એનડીએ સરકારનુ બજેટ આવતા મહિને રજુ થવાનુ છે તે પુર્વે આજે યોજાયેલી જીએસટી કાઉન્સીલની બેઠકમાં અનેક મહત્વના નવા ટેકસ સુધારાના નિર્ણયો લેવામાં આવે તેવી સંભાવના છે.

પાનમસાલા, સિગારેટ જેવી આરોગ્ય માટે નુકશાનકારક ચીજોમાં લદાયેલા કોમ્પેન્સેશન સેસથી મળેલા ૭૦૦૦૦ કરોડ રૂપિયાના ઉપયોગ કયા કરવો તે વિશે ચર્ચા કરીને નિર્ણય લેવામાં આવશે. આ સિવાય ૨૦૧૭થી ૨૦૨૦ના વર્ષોની ટેકસ નોટીસોમાં પેનલ્ટી-વ્યાજ માફ કરવા વિશે તથા ઓનલાઈન ગેમીંગ કંપનીઓ પર ૨૮ ટકા જીએસટીના નિર્ણયની સમીક્ષા કરવામાં આવે તેવી



સંભાવના છે.

આ સિવાય કાઉન્સીલ દ્વારા જીએસટી નોટીસ ઈસ્યુ કરવાની સમય મર્યાદા વિશે નિર્ણય કરે તેવી સંભાવના છે. ઉપરાંત જીએસટી રિકવરી નોટીસ સામે અપીલ કરવા માટે ૧૦ ટકાની ફરજીયાત ચૂકવણીની મર્યાદા ઘટાડીને સાત ટકા કરવા પર નિર્ણય લેવાશે. નફાખોરી વિરોધી કેસ જ નિકાલ માટે સમયમર્યાદા નકકી કરવા જેવા સુધારાત્મક નિર્ણયો થઈ શકે છે.

ઈઝ ઓફ ડુઈંગ બીઝનેશના ભાગરૂપે કરવેરા પ્રક્રિયામાં મહત્વના સુધારા કરવાનો ઈરાદો છે અને તેમાં ઓનલાઈન ગેમીંગ, વીમા કંપનીઓ તથા માલીકી પેઢીઓ, બેંકો, એરલાઈન્સ, નોનબેંકીંગ ફાઈનાન્સીયલ કંપનીઓ તથા શીપીંગ ક્ષેત્રને મહત્વની રાહત થઈ શકે છે.

કેન્દ્ર સરકારને પાનમસાલા જેવી ચીજો પરના સેસથી ૭૦૦૦૦ કરોડ જેવી જંગી ટેકસ આવક થઈ છે. નાણાં મંત્રાલયના એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતું કે સેસ પેટે જંગી વસુલાતથી સરકાર અનેક લોનનુ માર્ચ ૨૦૨૬ અગાઉ જ પ્રિ-પેમેન્ટ કરી શકશે. જો કે, સેસ વસુલાતના નાણાંનો ઉપયોગ કયા કરવો તે વિશે હજુ કોઈ નિર્ણય લેવાયો નથી પરંતુ આજની બેઠકમાં ચર્ચા બાદ કોઈ નિર્ણય થઈ શકે છે.

# દેશનાં ૧૫૦ મુખ્ય જળાશયોમાં માત્ર ૨૧% પાણી, ગુજરાત સહિતના તમામ રાજ્યોનો બહાર આવ્યો ચોંકાવનારો રિપોર્ટ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દેશમાં ભીષણ ગરમી વચ્ચે ભારે જળસંકટની સમસ્યા ઉદભવી છે. અગનવર્ષાએ માત્ર લોકોનો પરસેવો જ નહીં, પાણીનો સ્ત્રોતો પણ સુકાવી દીધા છે. કેન્દ્રીય જળ આયોગના તાજેતરના રિપોર્ટમાં 'દેશમાં જળાશયોમાં પાણી' અંગે ચોંકાવનારો રિપોર્ટ સામે આવ્યો છે. રિપોર્ટ મુજબ દેશના મુખ્ય ૧૫૦ જળાશયોમાં પાણીમાં ધરખમ ઘટાડો થયો છે. હાલ આ જળાશોયમાં માત્ર ૨૧ ટકા પાણી છે. જળવિદ્યુત પ્રોજેક્ટ અને પાણી પુરવઠા માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતા આ તમામ જળાશયોમાં સંગ્ર ક્ષમતા કરતાં હાલ કુલ ૧૭૮.૭૮૪ બિલિયન ક્યુબિક મીટર (ઈઈખ) પાણી છે, જે



દેશની કુલ જળ સંગ્રહ ક્ષમતાના ૬૯.૩૫ ટકા જેટલી છે.

રિપોર્ટ મુજબ, જળાશયોમાં વર્તમાન સંગ્રહ છેલ્લા દસ વર્ષના સરેરાશ સંગ્રહમાં ઘણો ઘટાડો થયો છે. આ મહિનાના પ્રથમ બે સપ્તાહમાં જળાશયોમાં કુલ સંગ્રહ ૨૨ ટકા જેટલો હતો, જ્યારે તેના એક સપ્તાહ પહેલા તે ૨૩ ટકા હતો.

આંધ્ર પ્રદેશ, તેલંગણા, કર્ણાટક, કેરળ અને તમિલનાડુના ૪૨ જળાશયોની કુલ ૫૩.૩૩૪ બીસીએમની ક્ષમતા છે, જો કે તેની સામે માત્ર ૮.૫૦૮ બીએમસી પાણી છે. એટલે કે, ગત વર્ષની તુલનાએ ૨૧ ટકા પાણી ઓછું છે.

હિમાચલ પ્રદેશ, પંજાબ, રાજસ્થાનનાં કુલ ૧૦ જળાશયોની જળ સંગ્રહ ક્ષમતા ૧૯.૬૬૩ બીસીએમ છે, જેમાં હાલમાં જળ સંગ્રહ ૫.૪૮૮ બીસીએમ છે, જે ગયા વર્ષની સરખામણીમાં ૩૯ ટકા ઓછું છે.

આસામ, ઝારખંડ, ઓડિશા, પશ્ચિમ બંગાળ, ત્રિપુરા, નાગાલેન્ડ અને બિહારમાં ૨૩ જળાશયોની કુલ સંગ્રહ ક્ષમતા ૨૦.૪૩૦ બીસીએમ છે. આ જળાશયોમાં વર્તમાન જળ સંગ્રહ ૩.૮૭૩ બીસીએમ છે, જે કુલ ક્ષમતાના ૧૯ ટકા છે. જો કે આ જળાશયોમાં પાણીના સંગ્રહમાં ગયા વર્ષના ૧૮ ટકાની સરખામણીએ થોડો વધારો થયો છે.

ગુજરાત અને મહારાષ્ટ્રમાં કુલ ૪૯ જળાશયો છે. તેમની પાણી સંગ્રહ ક્ષમતા ૩૭.૧૩૦ બીસીએમ છે. આ ૪૯ જળાશયોમાં વર્તમાન જળ સંગ્રહ ૭.૬૦૮ બીસીએમ છે. ગયા વર્ષના ૨૪ ટકાની સરખામણીએ આ સંગ્રહ ઘટીને ૨૦.૪૯ ટકા થયો છે.

ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં હાજર ૨૬ જળાશયોની કુલ ૪૮.૨૨૭ બીસીએમ પાણી છે. વર્તમાનમાં તેમાં ૧૨.૧૮૫ બીસીએમ પાણીનો સંગ્રહ છે. ગત વર્ષના ૩૨ ટકાની સરખામણીએ આ સંગ્રહ ઘટીને ૨૫ ટકા થયો છે. એટલે કે ગત વર્ષની સરખામણીએ આ વર્ષે સાત ટકા પાણી ઓછું છે.

# ગુજરાત પોલીસના કાયદામાં ફેરફાર કરવા સીટે કરી ભલામણ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજકોટમાં ૨૭ લોકોનો ભોગ લેનારા ટીઆરપી ગેમઝોનના ભયાનક અગ્નિકાંડમાં તપાસનીશ 'સીટ' દ્વારા સરકારને ૧૦૦ પાનાનો રિપોર્ટ સોંપી દેવામાં આવ્યો છે જે વિવિધ સરકારી વિભાગોની બેદરકારી સુચવવા ઉપરાંત ગુજરાત પોલીસ કાયદાની કલમ ૩૩માં બદલાવ કરવાની ભલામણ કરી છે. આ સુધારાથી ગેમઝોન જેવા મનોરંજન સ્થળોને વિવિધ લાયસન્સ આપવાની સતા પોલીસને આપી શકાશે.

૧૦૦ પાનાના સીટના વચગાળાના રિપોર્ટમાં પોલીસ કોર્પોરેશન તથા માર્ગમકાન વિભાગના અધિકારીઓની બેદરકારી દર્શાવીને દોષિત ગણાવ્યા છે. પોલીસ, ફાયરબ્રિગેડ, ટાઉન પ્લાનીંગ (ટીપી) અને માર્ગ મકાન વિભાગની કામગીરીમાં ક્ષતિઓ માલુમ પડી છે અને તેના પુરાવા સાથે રિપોર્ટમાં સરકારનું ધ્યાન દોરવામાં આવ્યુ છે.

સીટના વડા સુભાષ ત્રિવેદીએ કહ્યું કે ગુજરાત પોલીસ કાયદાની કલમ ૩૩માં કેટલાંક સુધારા સુચવવામાં આવ્યા છે. નવા કલમ હેઠળ પોલીસ મનોરંજન તથા



ટીકીટ લાયસન્સ આપે છે. કોઈપણ દોષિતને છોડવામાં નહીં આવે. કોર્પોરેશન તથા પોલીસના ઉચ્ચ અધિકારીઓની ભૂમિકાની તપાસ ચાલુ છે. કોર્પોરેશનના અધિકારીઓએ જીડીસીઆરના નિયમોનો ભંગ કર્યો હતો.

માર્ગ મકાન વિભાગે કોઈ ઈન્સપેકશન વિના સર્ટીફીકિટ આપી દીધા હતા. ફાયર વિભાગે ગેમઝોનમાં જરૂરી નિયમોનું પાલન ન હોવા છતાં એનઓસી આપી દીધુ હતું. ગેમઝોનને દોઢ વર્ષ પુર્વે ડીમોલીશન નોટીસ અપાવ્યા છતા પછી કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. અગાઉ પણ એક વખત આગની ઘટના બનવા છતાં કોર્પોરેશન તંત્ર ગંભીર બન્યુ ન હતું.

ગેમઝોનના ઉદઘાટનમાં કોઈ આઈએએસ કે આઈપીએસ અધિકારીઓ ન હતા. જે ફોટા જાહેર થયા છે તે માર્ચ ૨૦૨૨ના હતા અને ત્યારે એક અધિકારીની જન્મદિન પાર્ટીમાં જીલ્લા પોલીસ વડા, જીલ્લા કલેકટર, મ્યુનીસીપલ કમીશ્નર તથા ડીડીઓ ગયા હતા. જરૂર પડયે વધુ અધિકારીઓને પુછપરછ માટે બોલાવાશે.''

# સ્વિસ બેન્કોમાં ભારતીયોનાં નાણાં ૪ વર્ષમાં સૌથી ઓછાં, એક વર્ષમાં ૭૦ ટકા ઘટ્યા

## ૨૦૨૩માં ભારતીયોની થાપણોમાં ૨૫ ટકાનો જંગી ઘટાડો નોંધાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

છેલ્લા એક વર્ષમાં સ્વિસ બેંકોમાં જમા ભારતીયો અને ભારતીય કંપનીઓના નાણામાં ૭૦ ટકાનો મોટો ઘટાડો થયો છે. વર્ષ ૨૦૨૩માં તે ઘટીને ૧.04 અબજ સ્વિસ ફ્રેંક (રૂ.૯,૭૭૧ કરોડ)ના ચાર વર્ષના નીચલા સ્તરે પહોંચી ગયા છે. અગાઉ ૨૦૧૯માં આ આંકડો ૬,૬૨૫ કરોડ રૂપિયા હતો.

સેન્ટ્રલ બેંક ઓફ સ્વિટ્ઝરલેન્ડ દ્વારા ગુરુવારે રજૂ કરાયેલા વાર્ષિક અહેવાલમાં આ વાત સામે આવી છે. આ ઘટાડો મુખ્યત્વે બોન્ડ્સ, સિક્યોરિટીઝ અને ફાઇનાન્શિયલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ દ્વારા રાખવામાં આવેલા ભંડોળમાં ઘટાડો થવાને કારણે થયો છે. ખાસ વાત એ છે કે સ્વિસ બેંકોમાં ભારતીય ગ્રાહકોની કુલ સંપત્તિમાં સતત બીજા વર્ષે ઘટાડો થયો છે. અગાઉ ૨૦૨૨માં ૧૧%નો ઘટાડો જોવા મળ્યો હતો. આ બેંકો દ્વારા સ્વિસ નેશનલ બેંક ને જાણ કરવામાં આવેલ સત્તાવાર આંકડા છે.




આમાં કાળા નાણાનો કોઈ ઉલ્લેખ નથી. ભારતીયો અથવા એનઆરઆઈએ ત્રીજા દેશની સંસ્થાઓના નામે સ્વિસ બેંકોમાં જમા કરાવેલા નાણાંની પણ કોઈ વિગતો નથી. બીજી બાજુ બેન્ક ફોર ઇન્ટરનેશનલ સેટલમેન્ટ (BIS) એ ૨૦૨૩માં ભારતીયોની થાપણોમાં ૨૫% ઘટાડો નોંધાવ્યો છે, જે હવે ઘટીને ૬૬૩ કરોડ રૂપિયા બાકી છે.

સ્વિસ બેંકોમાં જમા ભારતીયોની સંપત્તિ ૨૦૦૬માં ૬.૫ બિલિયન સ્વિસ ફ્રેંકના રેકોર્ડ સ્તરે હતી.૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૭, ૨૦૨૦ અને ૨૦૨૧ સહિતના કેટલાક વર્ષો સિવાય તે મોટે ભાગે ડાઉનવર્ડ ટ્રેન્ડમાં છે.

૨૧માં ૩.૮૩ અબજ સ્વિસ ફ્રેંકના ૧૪ વર્ષના રેકોર્ડ સ્તરે પહોંચી ગયું હતું.સ્વિસ બેંકોમાં વિદેશી ગ્રાહકોનું કુલ ભંડોળ ઘટીને ૨૦૨૩માં ૯૮૩ અબજ સ્વિસ ફ્રેંક (રૂ.૯૨ લાખ કરોડ)થયું છે.

# નીટ, અગ્નિવીર અને શેરબજારના મુદ્દે લોકસભામાં મોદી સરકારને ઘેરશે વિપક્ષઃ સરકાર હાલ બેકફૂટ પર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સામાન્ય ચૂંટણીમાં તાકાત વધ્યા બાદ વિપક્ષ ૨૪ જૂનથી શરૂ થઈ રહેલા લોકસભાના પહેલા જ સત્રમાં મોદી સરકારને ઘેરવાની તૈયારીમાં છે. I.N.D.I.A બ્લોકની વ્યૂહરચના સામૂહિક તાકાત બતાવવાની છે.

ત્રણ મુદ્દા NEET, અગ્નિવીર યોજના અને એક્ઝિટ પોલના કારણે શેરબજારમાં ઉથલપાથલના કારણે કરોડો રૂપિયાની મૂવમેન્ટ પર ફોકસ રહેશે. આ ત્રણ મુદ્દા પર સરકાર બેકફૂટ પર છે. બીજેપીના સાથી પક્ષો પણ ગઊઊઝ અને અગ્નિવીરને લઈને અલગ ઊભા હોય તેવું લાગે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ આ ત્રણ મુદ્દા પર વિપક્ષને સંપૂર્ણ રીતે સાથે લેવાની રણનીતિ અપનાવશે. લોકસભામાં મોદી સરકારની ઘટેલી તાકાતને જોતા વિરોધ પક્ષો NEET અને અગ્નિવીર જેવા મામલાઓને કારણે ઉદ્ભવતા જન ગુસ્સાને સદનમાં વ્યક્ત કરવા માગે છે.

તે જ સમયે, ભાજપ અને તેના



સાથી પક્ષો ગૃહમાં સકારાત્મક ચર્ચા માટે વાતાવરણ બનાવવાના માર્ગ પર હોવાનું જણાય છે. બંને ગૃહોના સંયુક્ત સત્રમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સંબોધન દ્વારા મોદી સરકાર તેના આગામી ૫ વર્ષના એજન્ડાની ઝલક આપશે.

NEET પરીક્ષા- I.N.D.I.A ગઠબંધન આ વિવાદ અંગે સંસદમાં સરકારનો સામનો કરવા તૈયાર છે. એવું માનવામાં આવે છે કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષો આ મામલે સુપ્રીમ કોર્ટની દેખરેખ હેઠળની તપાસની માગ કરશે.

અગ્નિવીર- કોંગ્રેસે તેના ચૂંટણી પ્રચાર દરમિયાન જાહેરાત કરી હતી કે જો તે સત્તામાં આવશે તો આ યોજનાને ખતમ કરી દેવામાં આવશે. કોંગ્રેસ હવે આને સંસદનો સૌથી મહત્વનો મુદ્દો બનાવવાની તૈયારી કરી રહી છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહ વારંવાર આશ્વાસન આપી રહ્યા છે કે જો જરૂર પડશે તો યોજનામાં સુધારા કરી શકાય છે.

શેરબજાર- શેરબજાર સાથે સંકળાયેલા ૧૬ કરોડ રોકાણકારોની ભાવનાઓને શાંત કરવા માટે, વિપક્ષ ચૂંટણીના પરિણામો પહેલા સેન્સેક્સમાં વધારો અને પછી બજારના ઘટાડાને આયોજનબદ્ધ કૌભાંડ તરીકે જોઈ રહ્યો છે. રાહુલે આ મામલે સંયુક્ત સંસદીય તપાસ સમિતિની રચના કરવાની માગ કરી છે.

NEET પરીક્ષાના વિવાદ પર રાહુલ ગાંધીએ ગુરુવારે પ્રેસ-કોન્ફરન્સ કરી હતી અને કહ્યું હતું, 'ભારત જોડો યાત્રા દરમિયાન હજારો યુવાનોએ પેપર લીકની ફરિયાદ કરી હતી. હવે NEET પેપરમાં કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે અને એક પેપર રદ કરવામાં આવ્યું છે. એવા અહેવાલો હતા કે પીએમ મોદીએ ફોન કરીને રશિયા-યુક્રેન વચ્ચેના યુદ્ધને અટકાવ્યું હતું. ગાઝા અને ઈઝરાયેલ વચ્ચેનું યુદ્ધ પણ એક ફોન કરીને અટકાવ્યું હતું. કેટલાક કારણોસર નરેન્દ્ર મોદી ભારતમાં પેપર લીક અટકાવવામાં સક્ષમ નથી અથવા એને રોકવા માગતા નથી.

NEET UG પરીક્ષા રદ કરવાની માગ સાથે દેશભરમાં વિરોધપ્રદર્શનો થઈ રહ્યાં છે. લખનઉ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ શિક્ષણમંત્રીના રાજીનામાની માગ કરી છે. આ દરમિયાન શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાને ગઝઅ અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. ઉચ્ચ શિક્ષણ સચિવ સંજય મૂર્તિ એનટીએના મહાનિર્દેશક ડો. સુબોધ કુમાર સિંહને મળ્યા હતા.

એ જ સમયે ગુરુવારે થયેલી સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે NEET UG કાઉન્સિલિંગ પર પ્રતિબંધ મૂકવાનો ફરીથી ઇનકાર કરી દીધો છે. કોર્ટે કહ્યું હતું કે જો અંતિમ સુનાવણી બાદ પરીક્ષા રદ કરવામાં આવશે તો કાઉન્સેલિંગ પણ રદ થઇ જશે.

૧૮મી લોકસભાનું પ્રથમ સત્ર ૨૪ જૂનથી શરૂ થશે. જેમાં લોકસભા સ્પીકર અને ડેપ્યુટી સ્પીકરની ચૂંટણી યોજાશે. આ પહેલા ગુરુવારે (૨૦ જૂન), રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બંધારણની કલમ ૯૫ (૧) હેઠળ ઓડિશાના કટકથી બીજેપી સાંસદ ભર્તૃહરિ મહતાબને પ્રોટેમ સ્પીકર તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ નવા ચૂંટાયેલા સાંસદોને શપથ લેવડાવશે.

ભર્તૃહરિ મહતાબ કટકથી સાત વખતના સાંસદ છે. તેઓ બીજેડી છોડીને આ વર્ષે જ માર્ચમાં ભાજપમાં જોડાયા હતા. ૨૦૧૭માં, તેમને લોકસભામાં ચર્ચામાં તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે ઉત્કૃષ્ટ સંસદસભ્ય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત, રાષ્ટ્રપતિએ બંધારણના અનુચ્છેદ ૯૯ હેઠળ લોકસભાના અધ્યક્ષની ચૂંટણી સુધી નવા ચૂંટાયેલા સાંસદોને શપથ લેવડાવવામાં પ્રોટેમ સ્પીકરને મદદ કરવા માટે સુરેશ કોડીકુન્નીલ, થલીક્કોટ્ટાઈ રાજુથેવર બાલુ, રાધા મોહન સિંહ, ફગ્ગન સિંહ કુલસ્તે અને સુદીપ બંદોપાધ્યાયને નિયુક્ત કર્યા છે.

# મોરબીના નવા બસ સ્ટેન્ડના પાર્કિંગમાંથી બેંક મેનેજરના બાઈકની ઉઠાંતરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં વધુ એક બાઈક ચોરી થયાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. જેમાં મોરબીના ૨૪ કલાક કાર્યરત અને સતત વાહનોની અવર જવરથી ધમધમતા નવા બસ સ્ટન્ડના પાર્કિંગમાંથી બેંક મેનેજર દ્વારા પાર્ક કરેલ બાઈકની કોઈ અજાણ્યા બાઈક ચોર ઈસમ દ્વારા ચોરી કરી લઇ ગયાની ફરિયાદ અત્રેના એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે

મળતી માહિતી અનુસાર મૂળ જૂનાગઢના ટીંબાવાડી બાયપાસ પાસે વૃંદાવન સોસાયટીના રહેવાસી હાલ મોરબી છાત્રાલય રોડ ગોવર્ધનનગરમાં રહેતા અને મોરબી ફાયનાન્સ ફેડ બેંકમાં મેનેજર તરીકે નોકરી કરતા પરાગભાઇ ભીખુભાઇ રાઠોડ ઉવ.૩૪ એ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં અજાણ્યા ચોર આરોપી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરિયાદી પરાગભાઇના મિત્રનું હોન્ડા કંપનીનું લીવો બાઈક રજી. જીજે-૧૧-બીએમ-૩૪૩૮ વાળું બાઈક હાલ પોતે ઉપયોગ કરે છે ત્યારે ગત તા.૧૪/૦૬ ના રોજ આ બાઈક મોરબીના નવા બસ સ્ટન્ડનાં પાર્કિંગમાં પાર્ક કરી પોતાના વતનમાં ગયા હતા જ્યાંથી તા.૧૮/૦૬ના પરત આવી પાર્ક કરેલ જગ્યાએથી કોઈ અજાણ્યા તસ્કર બાઈકની ચોરી કરી લઇ ગયા હોય ત્યારે બાઈક ચોરી અંગે પ્રથમ ઈ એફઆઈઆર બાદ રૂબરૂ એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ત્યારે પરાગભાઈની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા બાઈક ચોર ઈસમો વિરૂદ્ધ ગુનો દાખલ કરી શોધખોળ શરૂ કરી છે.

# મોરબીમાં પુત્રવધૂની હત્યા કરવાના કેસમાં સસરાને આજીવન કારાવાસ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીઃવર્ષ ૨૦૧૮ માં હળવદ તાલુકાના ઈશ્વરનગર ગામમાં સસરા દ્વારા પુત્રવધૂને માથામાં લાકડીનો ઘા મારી કેરોસીન છાટી જીવતી સળગાવી દેતા ૨૮ વર્ષીય પરિણીતાનું સારવારમાં મોત નિપજયાનો કેસ અત્રેની મોરબી ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ કોર્ટે આરોપી સસરાને આજીવન કેદની સજા ફટકારતો ચુકાદો આપવામાં આવ્યો છે




મોરબી જીલ્લાના હળવદ તાલુકાના ઈશ્વરનગર ગામે સંયુક્ત પરિવારમાં રહેતા વિનોદભાઈ મગનભાઇ ભડજાના પત્ની આશાબેન વિનોદભાઈ ભડજાની વર્ષ ૨૦૧૮ માં રસોઈ કરવામાં કેમ મોડું થયું તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈને તેમના સસરા મગનભાઇ પરસોતમભાઈ ભડજા દ્વારા માથામાં લાકડી મારી આખા શરીરે કેરોસીન છાંટી દીવાસળી ચાંપી દેતા મૃતક આશાબેન આખા શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા, બનાવ બાદ આશાબેનને મોરબીની ખાનગી હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યા હતા ત્યારબાદ વધુ સારવારમાં રાજકોટ રિફર કરાયા હતા. જ્યાં તેમનું સારવારમાં મોત નિપજતા સમગ્ર બનાવ હત્યામાં પરિણમ્યો હતો, મોરબી પોલીસ દ્વારા આશાબેનના મરણોન્મુખ નિવેદન મુજબની ફરિયાદને આધારે તેમના સસરા મગનભાઇ પરસોતમભાઈ ભાડજાની અટકાયત કરી નામદાર કોર્ટ હવાલે કરાયા હતા.

ઉપરોક્ત હત્યાનો કેસ મોરબી ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતા ૨૦ મૌખિક, ૩૭ દસ્તાવેજી પુરાવા તથા એક બચાવપક્ષના પુરાવાને ધ્યાને લઈ તેમજ મદદનીશ સરકારી વકીલ સંજયભાઈ દલીલોને ગ્રાહ્ય રાખી મોરબી કોર્ટે આરોપી મગનભાઈ પરસોતમભાઇ ભાડજાને આજીવન કેદની સજા તેમજ રૂ.૨૧,૦૦૦નો દંડ ફટકારતો ચુકાદો જાહેર કરવામાં આવ્યો છે.

# મોરબીમાં વિશ્વયોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, ઋષિ મેહતા**

**મોરબી:** મોરબી સહિત વિશ્વમાં ૧૦ માં વિશ્વ યોગ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી છે. વડાપ્રધાન મોદીસાહેબ દ્વારા મુકવામાં આવેલ પ્રસ્તાવને વર્ષ ૨૦૧૫ માં મંજૂરી મળતા દર વર્ષે ૨૧ જૂનના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે જે સંદર્ભે મોરબીમાં પણ અલગ અલગ સંસ્થમાઓમાં યોગ શિબિરનું આયોજન કરી 'સ્વયં અને સમાજ માટે યોગ' થીમ સાથે અતિ ઉત્સાહભેર વિશ્વ યોગની ઉજવણી કરવામાં આવી છે.






**મોરબી સબજેલ ખાતે ગુજરાત યોગ બોર્ડ દ્વારા યોગ શિબિરનું આયોજન**

આજ રોજ મોરબી સબ ખાતે ૧૦ માં આંતરરાષ્ટ્રીય યોગ નિમિતે ગુજરાત યોગ બોર્ડ દ્વારા સર્વે બંદિવાનો તેમજ જેલ સ્ટાફ સાથે મળી ને યોગ સેશન નું આયોજન કરવામાં આવેલ હતું જેમાં અધિક્ષકશ્રી ડી.એમ.ગોહેલ તેમજ જેલરશ્રી પી.એમ.ચાવડા, સ્ટાફ તેમજ સર્વે બંદિવાનો દ્વારા યોગ સેશનમાં ઉત્સાહ સાથે ભાગ લેવામાં આવેલ હતો તેમજ છેલ્લા ૧૦૦ દિવસથી રૂપલબેન શાહ દ્વારા મોરબી સબ જેલ માં યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ હતું યોગ દ્વારા બંદિવાનોને માનસિક અને શારીરિક તંદરસ્તી સારી જળવાઈ રહે તે મજ જેલ જીવન ચિંતામુક્ત પસાર કરે તે મોરબી સબ જેલના સુધારાત્મકના ભાગરૂપે આયોજન કરવામાં આવેલ હતું અને આ યોગ શિબર ૨૧ જૂન નિમિતે નહિ પરંતુ કાયમી ધોરણે ચાલુ રહે તેનું આયોજન કરવામાં આવેલ છે

**મોરબી ડિસ્ટ્રીક્ટ કોર્ટ ખાતે લીગલ સર્વિસના સેક્રેટરી દ્વારા યોગ શિબિર**

આજ રોજ યોગદિવસ નિમિતે મોરબી ડિસ્ટ્રીક્ટ કોર્ટ ખાતે નામદાર ડીસ્ટ્રીકટ જજ આર.જી.દેવધારા સાહેબ તથા ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઑથોરિટીના ફૂલ ટાઇમ સેક્રેટરી ડી.એ.પારેખ દ્વારા શિબિર નું આયોજન કરવામાં આવેલ હોય. તેમા મોરબી ડિસ્ટ્રિક્ટ કોર્ટ ન્યાયાધીશશ્રી એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ મહીડા સાહેબ, પંડ્યા તથા રાવલ સાહેબ, ખાન, ચંદાણી સાહેબ, ઇજનેર સાહેબ, કોર્ટ સ્ટાફ, વકીલશ્રીઓએ મોટા પ્રમાણ માં ભાગ લીધેલ. તેમા આ શિબિરને સફળ બનાવવા નામદાર ડીસ્ટ્રીકટ જજ આર.જી.દેવધારા સાહેબ તથા ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસ ઑથોરિટીના ફૂલ ટાઇમ સેક્રેટરી ડી.એ.પારેખ તથા મોરબી જિલ્લાના વકીલ મંડળના પ્રમુખશ્રી દિલીપભાઈ અગેચાણીયા તથા અન્ય વકીલશ્રીઓએ હાજર રહી આ શિબિરનો લાભ લીધેલ.

**આર્યભટ્ટ લોકવિજ્ઞાન કેન્દ્ર તથા યોગી વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓને યોગ તાલીમ અપાઈ ૧૦માં વિશ્વ યોગ દિવસની ઉજવણી**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ગાંધીનગર દ્વારા પ્રેરીત આર્યભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર - મોરબી તથા યોગી વિદ્યાલય- મોરબી ના સંયુક્ત ઉપક્રમે યોગી વિદ્યાલયના ધો-૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને ૨૧ જુન વિશ્વ યોગ દિવસ ના રોજ શરીર માટે યોગ ના ફાયદા વિશે તેમજ પ્રેક્ટિકલ કરી ડો. હેમાબેન એમ કલસરિયા આયુષ હોસ્પિટલ મેડીકલ ઓફિસર તથા મણિનગર સાયન્સ કોલેજ ના પ્રોફેસર ડો.બી. એમ. શર્મા દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ આપેલ. જેમાં આર્યભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર - મોરબી ના જીલ્લા કો ઓર્ડિનેટર દિપેન ભટ્ટ દ્વારા મુખ્ય અતિથિ વિશેષનું સન્માન કરવામાં આવ્યું હતું તેમજ શાળા સંચાલક રેમિનભાઈ ભગલાણિ તેમજ શાળા પરિવાર તરફથી જીતુભાઈ તેમજ અનિલભાઈ અને તમામ સ્ટાફ મિત્રોએ અતિથિ વિશેષ અને વિજ્ઞાન કેન્દ્રનો આભાર વ્યક્ત કર્યો હતો તેમજ સમગ્ર સ્ટાફ એ આ આયોજનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.જેવી માહિતી આર્યભટ્ટ લોક વિજ્ઞાન કેન્દ્ર - મોરબીના સંચાલક એલ એમ ભટ્ટ દ્વારા માહિતી આપવામાં આવી હતી

**મોરબીના સ્વામિનારાયણ સંસ્કારધામ ખાતે જજ્ઢ પરિવાર દ્વારા વિશ્વ યોગદિનની ઉજવણી**

મોરબીમાં ઋષિ પ્રભાકરજી પ્રેરિત જજ્ઢ સિદ્ધ સમાધિ યોગ પરિવાર દ્વારા નિયમિત રીતે દર ત્રણ મહિને જજ્ઢ ની ચૌદ દિવસીય યોગ શિબિર થતી હોય છે જેમાં સાધકો યોગ અને પ્રાણાયામ દ્વારા તન મનની તાજગી પ્રાપ્ત કરતા હોય છે. આજે જ્યારે સમગ્ર વિશ્વમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી થઈ રહી છે ત્યારે મોરબીના સ્વામિનારાયણ સંસ્કારધામ ખાતે પરમ પૂજ્ય સદગુરૂવર્ય પ્રેમપ્રકાશ દાસજીની પ્રેરણાથી શાસ્ત્રી સ્વામી શ્રી જગત પ્રસાદ દાસજી પૂજ્ય પુરાણી દિવ્યપ્રકાશ સ્વામીજીની સાનિધ્યમાં અને રમેશભાઈ પટેલની ઉપસ્થિતમાં જજ્ઢ સિદ્ધ સમાધી યોગ પરિવારના સાધકો અને હરિભકતોએ ખુબજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી સુક્ષમ યોગિક ક્રિયાઓ તેમજ કપાલ ભાંતી, ભસ્ત્રીકા, અનુલોમ વિલોમ,વગેરે પ્રાણાયામ તેમજ ધ્યાન કરીને દશમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# ગાંધીધામ ગળપાદર જિલ્લા જેલ ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરાઇ


**મુખ્ય સમાચાર, મોરબી**

૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ત્યારે દેશ વિદેશના લોકો યોગમય બન્યા હોય તેમ દરેક લોકો દ્વારા યોગા કરી આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.ગાંધીધામ ગળપાદર જિલ્લા જેલ ખાતે આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. માનવતા માટે યોગા થીમ સાથે ગુજરાત રાજ્ય બોર્ડના સર્ટિફાઇડ યોગ ટ્રેઈનર સંસ્થા દ્વારા ગાંધીધામ દ્વારા




જેલના અધિકારી એલ.વી.પરમાર, કર્મચારીઓ તથા કેદી બંદીવાનભાઈઓ અને બહેનોને યોગ પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા.

# મોરબીના સ્વામિનારાયણ સંસ્કારધામ ખાતે SSY પરિવાર દ્વારા વિશ્વ યોગદિનની ઉજવણી




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ઋષિ પ્રભાકરજી પ્રેરિત SSY સિદ્ધ સમાધિ યોગ પરિવાર દ્વારા નિયમિત રીતે દર ત્રણ મહિને SSY ની ચૌદ દિવસીય યોગ શિબિર થતી હોય છે જેમાં સાધકો યોગ અને પ્રાણાયામ દ્વારા તન મનની તાજગી પ્રાપ્ત કરતા હોય છે. આજે જ્યારે સમગ્ર વિશ્વમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી થઈ રહી છે ત્યારે મોરબીના સ્વામિનારાયણ સંસ્કારધામ ખાતે પરમ પૂજ્ય સદગુરૂવર્ય પ્રેમપ્રકાશ દાસજીની પ્રેરણાથી શાસ્ત્રી સ્વામી શ્રી જગત પ્રસાદ દાસજી પૂજ્ય પુરાણી દિવ્યપ્રકાશ સ્વામીજીની સાનિધ્યમાં અને રમેશભાઈ પટેલની ઉપસ્થિતમાં SSY સિદ્ધ સમાધી યોગ પરિવારના સાધકો અને હરિભક્તોએ ખુબજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી સુક્ષમ યોગિક ક્રિયાઓ તેમજ કપાલ ભાંતી, ભસ્ત્રીકા, અનુલોમ વિલોમ,વગેરે પ્રાણાયામ તેમજ ધ્યાન કરીને દશમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# નવયુગ સંકુલ કોમર્સના વિદ્યાર્થીઓએ ૧૮ થી ૧૯ જૂન સુધી સમર સ્કિલ ડેવલપમેન્ટ કેમ્પમાં તાલીમ મેળવી

**મુખ્ય સમાચાર, મોરબી**

આ કેમ્પમાં વિદ્યાર્થીઓને રોજગારલક્ષી તાલીમ મળી રહે તેવા હેતુથી આ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ અંતર્ગત કોમ્પ્યુટર ટ્રેડ, ઇલેક્ટ્રીક ટ્રેડ, મિકેનિક ટ્રેડ, જેવા વિવિધ ગૃપની પ્રાયોગિક તાલીમ મેળવી હતી.

આ કેમ્પમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા મોરબી ઈંઝઈ ના ફોરમેન ઈન્સ્ટ્રકર શ્રી.જે.એચ.હળવદીયા, શ્રી આર.આર.ધાનજા તથા નવીન નકુમભાઈ દ્વારા તાલીમ આપવામાં આવેલ.



આચાર્યશ્રી માયા પટેલ તેમજ સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર ના સહયોગ થકી વિદ્યાર્થીઓએ સફળતા પૂર્વક કેમ્પ પૂર્ણ કરેલ.

# રૂ. ૩ લાખના ચેક પરત કેસમાં છ મહિનાની કેદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એક આસામીને રૂ. ૩ લાખના ચેક પરતના કેસમાં અદાલતે છ મહિનાની કેદની સજા અને ચેકની રકમ મુજબ દંડ ભરવા હુકમ કર્યો છે.જામનગરમાં સનસિટી-૧ પાસે રહેતા આસીફ ઈબ્રાહીમ મુરીમાએ રૂ. ૩ લાખ પોતાના મિત્ર સાગરગીરી અનિલગીરી ગોસ્વામી પાસેથી હાથઉછીના લીધા પછી ચેક આપ્યો હતો. તે ચેક બેંકમાંથી સહી ફરકના શેરા સાથે પરત ફર્યો હતો.

આ અંગે નોટીસ પાઠવ્યા પછી સાગરગીરીએ અદાલતમાં ફરિયાદ નોંધાવી હતી. તે કેસ ચાલી જતાં અદાલતે આરોપી આસીફ ઈબ્રાહીમને તકસીરવાન ઠરાવી છ મહિનાની કેદની સજા અને ચેકની રકમનો દંડ ફટકાર્યો છે. દંડની રકમ ફરિયાદીને વળતર પેટે ચૂકવી આપવામાં આવશે. રકમ ભરપાઈ કરવામાં ન આવે તો વધુ 30 દિવસની સજા ફટકારાઈ છે

# જામનગરમાં વડાપાઉંનો ધંધાર્થી વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાયોઃ ૧૫ સામે ફરીયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં વડાપાઉંનો ધંધો કરતા યુવાને જુદા જુદા સમયે અલગ અલગ ૧૫ લોકો પાસેથી આશરે ૪૦ લાખ થી વધુની રકમ ઊંચા વ્યાજે લીધી હતી. તે માટે આશરે ૮૧ લાખ જેટલી રકમ વ્યાજ સહિત ચૂકવી હોવા છતાં પોતાને ધાક ધમકી આપવામા આવતાં ૧૫ વ્યાજખોરો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ઉપરાંત પોતાનું સ્કૂટર અને સસરાનું ટ્રેકટર પચાવી પાડવા અને મકાનનો દસ્તાવેજ લખાવી લઇ અલગ અલગ ચેક પરત કરાવી તે અંગેની ફરિયાદ પણ પોતાની સામે કરવામાં આવી હોવાનું અને સસરાના ઘરમા તોડફોડ કરવાની ફરિયાદ કરી છે. થોડો સમય શાંત રહયા બાદ ફરી વ્યાજખોરોએ માથુ ઉચકયુ છે અને ચામડા ચીરી નાખે તેવું વ્યાજ વસુલીને પઠાણી ઉઘરાણી કરતા આખરે મામલો પોલીસ મથકમાં લઇ જવામાં આવતા ફરીયાદના આધારે આરોપીઓની ધરપકડ કરવા પોલીસે ચક્રો ગતીમાન કયરિયા છે.હાલ ફાચરીયા ગામ, મૂળ જામનગરમાં બેડેશ્વર વિસ્તારમાં રહેતા અને જામનગરની જી. જી. હોસ્પિટલ સામે ભુતનાથ વડાપાઉં નામથી દુકાન ચલાવતા કમલેશ રાજુભાઈ સોલંકી (ઉ.વ.૨૯)એ પોતાને ધમકી આપવા અને પોતે આપેલા ચેકોમાં મન ઘડત રકમ ભરીને તે બેંકમાંથી પરત કરાવીને પોતાની સામે ચેક પરત ફરવાની ફરિયાદ કરવા તેમજ પોતાનું સ્કૂટર અને પોતાના સસરાની માલિકીના ટ્રેક્ટરનો બળજબરીથી કબજો મેળવી લેવા અને



સસરાના ઘરમાં તોડફોડ કરવા અંગે મોડા ગામના કનકસિંહ જાડેજા, જયરાજસિંહ કનકસિંહ જાડેજા, જામનગરના જયદીપસિંહ જાડેજા, જામનગરના યોગેશ કોળી, રામેશ્વરનગરના દુષ્યંતસિંહ ઝાલા, નવાગામ ઘેડના અભિરાજસિંહ, અર્જુનસિંહ જાડેજા, જયરાજસિંહ જાડેજા, ગાંધીનગરના હરપાલસિંહ ઝાલા, બેડેશ્વરના સાદિક સફિયા, સરમત પાટીયા પાસે રહેતા અતુલ મેઘાણંદ ગઢવી, રામેશ્વરના સલીમ, ગાંધીનગર રોડ પાસેના જી ફાયનાન્સના માલિક, રામેશ્વરનગરના રાજ આહીર અને જનતા ફાટક પાસે રહેતા વિજયસિંહ રાઠોડ સામે સીટી-બી ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે તમામ આરોપીઓ સામે ગેરકાયદે નાણાની ધિરધાર કરવા સહિતની જુદી જુદી કલમ મુજબ ગુનો નોંધ્યો છે.ફરિયાદી કમલેશભાઈ સોલંકીને ધંધામાં નાણાની જરૂરિયાત ઊભી થતાં તેમણે અલગ અલગ સમયે અલગ અલગ વ્યક્તિ પાસેથી ઉંચા વ્યાજ દરે આશરે ૪૬ લાખથી વધુની રકમ વ્યાજ લીધી હતી અને તેમાં કુલ ૮૧ લાખથી વધુ રકમ ચૂકવી દીધા હોવા છતાં પણ વધુ રકમ માંગવામાં આવતી હતી અને તે માટે ધાક ધમકી આપવા માં આવતાં આખરે તેણે આ અંગે પોલીસમા ફરિયાદ નોંધાવી છે જેની તપાસ પો.સબ.ઇન્સ. ઝેડ. એમ. મલેક ચલાવી રહ્યા છે.

ફરીયાદી પાસેથી ૧૦ ટકાથી લઇને ૧૫ ટકા સુધીનું વ્યાજ વસુલ કરવામાં આવતુ હતું ત્રણેક વર્ષના ગાળામાં અલગ અલગ વ્યાજખોરો પાસેથી 30 હજારથી લઇને ૧૩ લાખ સુધીની રકમ વ્યાજે લીધી હતી અને તેની બમણી રકમ ચુકવી આપી હતી તેમ છતા પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હતી, ૪૦ લાખથી વધુ જુદી જુદી ટકાવારી પ્રમાણે જુદા જુદા સમયે પીયા લઇ કુલ ૮૧.૪૪ લાખ વ્યાજ ભરેલ હોય તેમ છતા ઉપરોકત આરોપીઓ હજુ વધુ વ્યાજ માંગતા હતા આથી પોલીસમાં મામલો લઇ જવામાં આવ્યો હતો, અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષોમાં રાજયમાં પોલીસ વિભાગ દ્વારા વ્યાજખોરો સામે ઝુંબેશ આદરવામાં આવી હતી અને આ ઝુંબેશના ભાગપે લોક દરબાર યોજાયા હતા, ઘણા બધા લોકો વ્યાજખોરો સામે ફરીયાદ માટે આગળ આવ્યા હતા અને પગલા લેવાયા હતા, ફરી એકવાર વ્યાજના વિષચક્રનું પ્રકરણ સામે આવતા ચકચાર મચી જવા પામી છે.

# જામનગરમાં તળાવ ભાગ-રના કામનો વિરોધ, કોંગી કાર્યકરોની અટકાયત





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સામાન્ય સભામાં શહેરના વિકાસની બદલે ફાલતુ ચર્ચા અને વ્યકિતગત આક્ષેપો કરવામાં આવતા સતાપક્ષ અને વિપક્ષની કાર્યપ્રણાલી સામે અનેક સવાલ ઉભા થયા છે. સામાન્ય સભામાં શહેરના વિકાસનો એકપણ એજન્ડાનો સમાવેશ કરાયો ન હતો. ફકત એજન્ડામાં સમાવિષ્ટ પાબારી હોલનું સંચાલન પુનઃ ટ્રસ્ટને સોંપવાની અને શરૂ સેકશન રોડ પર ડીપી કપાતની સામે વર્ષ-૨૦૦૫માં મળેલી જમીન પરત કરવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી.જામ્યુકોની સામાન્ય સભા ગુરૂવારે મેયર રજા પર હોવાથી ડેપ્યુટી મેયર ક્રિષ્નાબેન સોઢાના અધ્યક્ષસ્થાને મળી હતી. સભામાં પાબારી હોલનું સંચાલન જમનાદાસ ગોકલદાસ પાબારી ચેરીટેબલ ટ્રસ્ટને સોપંવાની દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવી હતી. ત્યારબાદ શરૂ સેક્શન રોડની 30 મીટર પહોળાઈમાં ડીપી તથા શરૂસેક્શન રોડથી સત્યસાઈ સ્કૂલ તરફના માર્ગમાં ૧૮ મીટર ડીપી કપાત થતી જમીન સામે ટીપી સ્કીમ નં. ૧૮ વાળી જમીને જે મનપાને વર્ષ-૨૦૦૫માં મળી હતી તે પુનઃ મૂળ માલિકને પરત કરવાની દરખાસત સર્વાનુમત્તે મંજુર કરવામાં આવી હતી.ત્યારબાદ યોજાયેલી પ્રશ્નોત્તરીમાં વિપક્ષના કોર્પોરેટર રાહુલ બોરિયાએ અધિકારીને તેની લાયકાત મુજબ ચાર્જ સોંપવાનો મુદ્દો ઊઠાવ્યો હતો અને કેટલાક અધિકારીના નામ જોગ રજૂઆત કરતા મ્યુનિ. કમિશનરે જણાવ્યું હતું કે તમે ફકત આક્ષેપ કરો છો, તે યોગ્ય નથી. ક્યો ચાર્જ કોને સોંપવો તેની સત્તા કમિશનર પાસે છે. વધુમાં પણ તેમણે જવાબ આપ્યો હતો કે વર્ષથી નવા સેટઅપ માટેનો ઠરાવ જ કરવામાં આવ્યો નથી. ત્યારપછી ત્રણ દરખાસ્ત રજૂ થઈ હતી જેમાં એક જ ટેનામેન્ટમાં બે નળજોડાણ આપવામાં ૧૦૦ ચો.મી.ના શબ્દનો સુધારો કરાયો હતો.આ દરખાસ્ત મંજુર રાખવામાં આવી હતી. જ્યારે ભૂલથી કોર્પોરેટર રચનાબેન નંદાણિયા અને રાહુલ બોરિયાની દરખાસ્તનો ઠરાવ કરીને કમિશનર સમક્ષ મોકલવા નિર્ણય લેવાયો હતો. જેમાં તળાવ પાર્ટ-૨ નો પ્રોજેક્ટ પડતો મૂકવા અને યોજના મુજબ હોદ્દાનો ચાર્જ આપવાની દરખાસ્તોનો સમાવેશ થાય છે. ત્યારબાદ રચનાબેને અને પૂર્વ મેયર વચ્ચે વ્યકિતગત આક્ષેપો થતાં ભારે દેકારાના પગલે બોર્ડ આટોપી લેવાયું હતું.હાપા યાર્ડ પાસેના ક્રિકેટ મેદાનમાંથી માર્ગ કાઢવા સામે કોંગી નગરસેવક અસલમ ખીલજીએ સામાન્ય સભા પૂર્ણ થયા પછી ડેપ્યુટી મેયરને આવેદન પાઠવ્યું હતું. જેમાં જણાવ્યાનુસાર મનપા દ્વારા બજેટમાં આ ગ્રાઉન્ડ માટે રૂ.૫૦ લાખનો ખર્ચ મંજૂર કરાયો હતો અને આ ગ્રાઉન્ડની રમતગમતના હેતુ માટે પસંદગી કરી સ્પોર્ટસ ગ્રાઉન્ડ બનાવવાનો નિર્ણય કરાયો છે. ત્યારે ટીપી માટે ગ્રાઉન્ડમાંથી માર્ગ કાઢવાની કામગીરી બંધ કરવા માંગણી કરી છે.જામનગરના લાખોટા તળાવના પાછળના ભાગ પર જોગીંગ ટ્રેક, સાયકલીંગ ટ્રેક વગેરે બનાવવાની કામગીરી મહાનગરપાલિકા દ્વારા શરૂ કરવામાં આવી છે. ત્યારે આ કાર્યવાહીના કારણે તળાવ બુરાઈ રહ્યાની ફરિયાદ લોકોમાં ઉઠી છે. આથી આ મુદ્દે જામનગર શહેર કોંગ્રેસ દ્વારા જનરલ બોર્ડમાં વિરોધ પ્રદર્શન કરવાનો કાર્યક્રમ ઘડી કઢાયો હતો. પરંતુ બોર્ડ શરૂ થાય તે પહેલા વિરોધ માટે આવેલા શહેર પ્રમુખ દિગુભા જાડેજા, આનંદ ગોહિલ વગેરે કોંગી કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી.

# ૨૩ જુન રવિવાર- પલ્સ પોલીયો રસીકરણ અભિયાન

## ૦ થી ૫ વર્ષ સુધીના બાળકોને પોલીયોના ટીપા અવશ્ય પીવડાવો

**મુખ્ય સમાચાર, મોરબી**

જામનગર, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વૈશ્વિક પોલિયો નાબૂદીના પ્રયાસના પરિણામે ભારતે ૧૯૯૫માં પલ્સ પોલિયો રસીકરણ (PPI) કાર્યક્રમ શરૂ કર્યો હતો. આ કાર્યક્રમ હેઠળ ૫ વર્ષ સુધીના તમામ બાળકોને ઓરલ પોલિયો રસી(OPV)ના બે ડોઝ આપવામાં આવે છે.મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.નુપુર પ્રસાદ દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે કે ૨૩ જૂન રવિવારના રોજ આપના ૦ થી ૫ વર્ષના બાળકોને પોલીયોના રોગથી સુરક્ષિત કરવા માટે પોલિયોના ટીપાં અવશ્ય પીવડાવવા. જામનગર ગ્રામ્ય વિસ્તારના તેમજ વાડી વિસ્તાર નજીકના લોકોને ખાસ અપીલ કરવામાં આવી છે કે લોકોએ બુથ પર જઈ પોતાના બાળકોને પોલિયોના ટીપાં અવશ્ય પીવડાવવા.૨૩ જુન ૨૦૨૪ના રોજ પ્લસ પોલીયો NID રાઉન્ડ અંતર્ગત જામનગર ગ્રામ્ય વિસ્તારના કુલ ૧૦૫ ગામોના અંદાજીત ૬૪,૦૭૭ જેટલા ઘરો અને કુલ ૩૩,૨૪૯ જેટલા બાળકોને પોલીયોના ટીપા પીવડાવાનો લક્ષ્યાંક છે. જામનગર ગ્રામ્યના ૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ ૩ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને ૧ અર્બન સેન્ટરની કુલ ૨૭૨ આરોગ્ય ટીમના ૫૩૩ જેટલા આરોગ્ય કર્મચારી , આશા કાર્યકર દ્વારા રસીકરણ કરવામાં આવશે. તેમજ ૧૧૮ મોબાઈલ વાન ટીમ દ્વારા વાડી વિસ્તાર, માઈગ્રેડ વિસ્તાર, સ્લમ વિસ્તારમાં જઈ માઇક પ્રચાર કરી કામગીરી કરાશે. તેમજ ૫ ટ્રાન્ઝિટ ટીમ જેનું કામ ગુજરી બજાર, શાકમાર્કેટ, બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, ધાર્મિક સ્થળો વગેરે જગ્યાએ માઇક પ્રચાર પ્રસાર કરી કામગીરી કરશે. જેમાં ૨૩૨ જેટલા બુથ અને ૩૨ જેટલા બુથ સુપરવાઈઝર દ્વારા બુથ પર પોલીયો કામગીરી કરશે. અને ૨૪ - ૨૫ જુન ૨૦૨૪ના રોજ બાકી રહેતા બાળકો ને ઘરે ઘરે જઈ પોલીયોના ટીપા પીવડાવામાં આવશે.

આ અંગે જામનગર ગ્રામ્ય તાલુકા મામલતદાર બી.એમ.દવેના અધ્યક્ષ સ્થાને IPPI કો-ઓર્ડીનેશનની તાલુકા કક્ષાની મીટીંગ યોજાઈ હતી. જેમાં જામનગર તાલુકા હેલ્થ ઓફિસર ડો.જીગ્નેશ પટેલ તેમજ જામનગરના ૮ આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર હાજર રહ્યા હતા.

# મોકાજી સર્કલ પાસે રહેતા બિલ્ડરનો ગળાફાંસો ખાઈ આપઘાત

## બે પુત્રોએ પિતાની છત્રછાયા ગુમાવી દેતા ક્ષત્રિય પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં નાના મવા વિસ્તારમાં મોકાજી સર્કલ પાસે રહેતા બાંધકામના ધંધાર્થીનું અંધાર છીએ કોઈ અગમ્ય ગળે ફાંસો ખાય આપઘાત કરી લીધો હતો બે માસુમ બાળકોએ પિતાનું ક્ષત્રિય ગુમાવતા પરિવારમાં કરૂણકલ પાંચ સર્જાયો છે આ બનાવવા અંગે પોલીસ માંથી જાણવા મળે તેવી વિગત મુજબ નાના મવા વિસ્તારમાં મોકજી સર્કલ પાસે વાછરા દાદાના મંદિર પાસે રહેતા અજયસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા નામના ૩૧ વર્ષના યુવાને કોઈ અગમ્ય કારણસર પોતાના ઘરે ગળાફાસો ખાઈ લીધો હતો.

યુવાનને બેભાન હાલતમાં તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં યુવકની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી હતી. આ બનાવ અંગે તાલુકા પોલીસને જાણ થતા તાલુકા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક દોડી ગયો હતો અને પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક અજયસિંહ જાડેજા તેના માતા- પિતાને આધાર સ્તંભ એકનો એક પુત્ર હતો. અને તેને સંતાન માટે પુત્ર અને એક પુત્રી છે. અજયસિંહ જાડેજા બાંધકામનો વ્યવસાય કરી પરિવારનું ગુજરાન ચલાવતા હોવાનું જાણવા મળ્યું છે આ અંગે તાલુકા પોલીસ નોંધ કરી અજયસિંહ જાડેજાના આપઘાત પાછળનું કારણ જાણવા તપાસનો દોર લંબાવ્યો છે.

# સુભાષનગરનાં કારખાનામાં ચાલતી જુગાર કલબ પર ક્રાઈમ બ્રાંચ ત્રાટકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુભાષનગર મેઈન રોડ પર આવેલા પ્રમુખ સ્ટિલ નામના કારખાનામાં ધમધમી રહી હતી જેના ઉપર પોલીસે દરોડો પાડીને ૨.૨૭ લાખના મુદ્દામાલ સાથે સાત વેપારી પકડાયા હતા.

આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચ પીએસઆઈ એમ.જે.હુણ સહિતની ટીમે સુભાષનગર મેઈન રોડ પર જાનકી પાનની પાછળ બંધ શેરીમાં પ્રમુખ સ્ટીલ નામના કારખાનામાં દરોડો પાડી ધ્રુવ અનિરુદ્ધભાઈ કાકડિયા (ઉ.વ.૨૫), જયેશ ટપુભાઈ ઘરસુડિયા (ઉ.વ.૪૦), નિકુંજ બાવાભાઈ પરસાણશ, હિરેન દામજીભાઈ ગઢીયા, સુનિલ રમણીકભાઈ માટલિયા, અનિલ કાલીદાસભાઈ ઉર્ફે કાળાભાઈ જાદવ અને ભાવેશ વસંતભાઈ કગથરા (ઉ.વ.૪૨)ને પકડી પાડયા હતા. પોલીસ પૂછપરછમાં ખુલ્યા પ્રમાણે કારખાનાની માલિકી ધ્રુવ અનિરુદ્ધભાઈ કાકડિયાની છે અને તેના દ્વારા જ બહારથી અન્ય વેપારીઓને ભેગા કરીને જુગાર રમાડવામાં આવી રહ્યો હતો. આ જુગાર ક્લબ ઘણા સમયથી ચાલી રહી હોવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. પોલીસે સ્થળ પરથી ૨,૨૭,૨૫૦ રૂપિયાની રોકડ પણ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અમીન માર્ગ પર મેડીકલ સંચાલક પર બે શખ્સોનો છરી વડે હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં અમીન માર્ગ મેઈન રોડ પર મેડિકલ સંચાલકને ફોન પર મિત્ર સાથે તુ કારો દેવા બાબતે ઝગડો થતાં કારમાં ઘસી આવેલા બે શખ્સોએ છરી મારી દેતા યુવકને ગંભીર ઈજા પહોંચતાં સારવાર માટે હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો.

આ અંગેની માહિતી મુજબ રામાપીર ચોકડી પાસે રહેતા દિવ્યેશભાઈ મલાભાઇ માટીયાએ માલવિયાનગર પોલીસ મથકમાં આરોપીમાં મહાવીર કાઠી અને તેની સાથેના એક શખ્સનું નામ આપી ફરીયાદ નોંધાવી જણાવ્યું હતું કે,પૈસા બાબતે તેને તેના મિત્રને ફોન કર્યો હતો. તે સમયે મહાવીર સાથે વાત થતાં તેને તુ કારો દેતાં ઉશકેરાઈ ગયો અને તારે મને કાઠી ભાઈ કહેવાનું હું તને માટીયા જ કહીશ જેથી ધંધાર્થીએ કહું કે તમે રિસ્પેક્ટ આપશો તો હું રિસ્પેક્ટ આપીશ બાદમાં કાઠી વધુ ઉશ્કેરાઈ ગયો અને આજે થઈ જાય જેથી ધંધાર્થીએ કહું કે આવી જ જાઓ કિશાનપરમાં છું કહેતા ફોન કાપી નાખ્યો હતો.બાદમાં અમીનમાર્ગ હતો ત્યારે ફોર્ચ્યુન કાર આવી અને તેમાંથી મહાવીર કાઠી ઉતર્યો હતો.મારા મિત્ર ભવદિપે સમાધાનની વાત કરતાં એટલીવારમાં થાર કાર લઈ આવેલા અજાણ્યા શખ્સે કાઠીને છરી આપતા તેને ઝઘડો કર્યો હતો બાદમાં પોતા પાસે રહેલી છરી વડે હુમલો કર્યો તેમજ અજાણ્યા શખ્સે ઢીકાપાટુંનો માર માર્યો હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ગોંડલના બંધીયા ગામે વારસાઈ જમીનના ડખ્ખામાં બે પરિવાર વચ્ચે ધીંગાણું

## વૃધ્ધાને ઈજા થતા ચાર શખ્સો સામે સામસામે ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ નાં બંધિયા ગામ પાસે વારસાઈની જમીનના વિવાદમાં બે પરિવાર વચ્ચે મારામારી થતા સામસામી ફરીયાદ થઈ છે.

આ અંગેની માહિતી મુજબ બંધીયા ગામમાં રહેતા જયાબેન છગનભાઈ સોજીત્રા (ઉ.વ.૬૨)એ ગોંડલતાલુકા પોલીસ મથકમાં લાલજી કેશવજીભાઈ મકવાણા, પરેશ લાલજી મકવાણા, જેવીન કેશવભાઈ મકવાણા સામે ફરીયાદ નોંધી છે.જયાબેને ફરીયાદમાં જણાવ્યું છે કે, ગામ પાસે આવેલી પોતાની વારસાઈ ની જમીનમાં આરોપીઓએ દબાણ કરેલ હોય તે બાબતે કોર્ટમાં કેસ ચાલી જતા પોતે કેસ જીતી જતા તે આરોપીઓને સારું ન લાગતા પોતાની તથા પરિવારના સભ્યો સાથે બોલાચાલી કરી ઢીકાપાટુનો માર મારી પથ્થરના ઘા કરી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જયારે સામાપક્ષે જેવીન પરેશભાઈ મકવાણાએ ગામમાં રહેતા છગન બચુભાઈ સોજીત્રા, મનસુખ બચુભાઈ સોજીત્રા, ભુપત બચુભાઈ સોજીત્રા અને તેની પત્ની સામે ફરીયાદ નોંધાવી છે. જેવીને ફરીયાદમાં જણાવ્યું છે કે પોતે માતા- પિતા સહિત પરિવાર સાથે રહે છે. પોતાની અને આરોપીઓની જમીન બાજુબાજુમાં હોઈ અને આરોપીઓએ વિવાદીત જમીનમાં ખોદકામ કરી લેતા જે બાબતે પોતે તેને ના પાડતા આરોપીઓને સાજન લાગતા ઉશ્કેરાઈ જઈ ચારેય શખ્સોએ ગાળો આપી ઢીકા-પાટુનો માર મારી કોદાળી વડે હુમલો કરી ઈજા કરી હતી. આ અંગે ગોંડલ તાલુકા પોલીસે બંને પક્ષની સામસામી ફરીયાદ દાખલ કરી હેડકોન્સ. પ્રતાપસિંહે તપાસ હાથ ધરી છે.

# ગાંધીગ્રામ પોલીસ મથકના લોકઅપના આરોપી અને જિલ્લા જેલનો વિડિયો વાયરલ થતા ખળભળાટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સોશ્યલ મિડિયામાં લોકોને ફેમસ થવાનું ભૂત વળગ્યું હોય તેમ લાઈક અને ટીઆરપી વધારવાના ચક્કરમાં અવનવા તરકીબના વિડિયો સોશ્યલ મિડિયામાં વાયરલ થતાં હોય છે. પરંતુ માનવ જીંદગી જોખમાઈ તેવા સ્ટંટ કરતાં નબીરાઓને પોલીસ પકડવાને બદલે છાવરતી હોય તેમ વધુ એક વિડિયો સોશ્યલ મિડિયામાં હાલ વહેતો થયો છે.જેમાં ગાંધીગ્રામ પોલીસ મથકના લોકઅપમાં રહેલા આરોપીનો વિડિયો ઉતારી વાયરલ કરતાં સોશ્યલ મીડિયામાં તેમજ જિલ્લા જેલમાં એક સિપાઈનો વિડિયો વાયરલ થતા રાજકોટ પોલીસે તપાસ હાથ ધરી છે.

ગાંધીગ્રામ પોલીસ મથકમાં આવેલ એક આરોપી લોકઅપના સળીયા પાછળ ઉભો હોય તેવો વિડીયો ઉતારવામાં આવી સોશ્યલ મિડીયામા વાયરલ કરવામાં આવ્યો છે. આ બનાવના પગલે પોલીસ તંત્ર સામે પણ સવાલ ઉભા થઈ રહ્યા છે.

જિલ્લા જેલમાં ફરજ બજાવતા એક સિપાઈ ડાયલોગના માસ્ટર તરીકે ઓળખાતા સોશિયલ મિડીયાના જાણીતા શખસ સાથે જેલની અંદર રીલ્સ ઉતારી વાયરલ કરી છે. સિપાઈ ગણવેશમાં હોય સરકારના પ્રતિબંધ હોવા છતા જેલના પ્રતિબંધીત વિસ્તારમાં રીલ્સ ઉતારી સોશિયલ મિડિયામાં વાયરલ કરતા ચકચાર મચી જવા પામી છે. આમ એક જ દિવસમાં પોલીસ અને જેલના વિડિયો વાયરલ થતા પોલીસ બેડામાં પણ કિસ્સાઓ ચર્ચાસ્પદ બન્યા છે. ત્યારે નવ નિયુક્ત પોલીસ કમિશનર આ મામલે પોલીસ મથકના અધિકારીઓ સામે કાર્યવાહી કરશે કે કેમ ? તેની પણ ચર્ચા શરૂ થઈ છે.હાલ વાયરલ વિડિયો અંગે પોલીસે સીસીટીવી આધારે વિડિયો ઉતારનારની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટ જિલ્લાની તમામ કોર્ટમાં આજે મેગા લોક અદાલતનું આયોજન

## ૩૫ હજાર પેન્ડિંગ કેસ પર કાર્યવાહી હાથ ધરાય : ૬૦ ટકાથી વધુ કેસોનો નિકાલ થાય તેવી સંભાવના




**મુખ્ય સમાચાર રાજકોટ**

આજે રાજકોટ જિલ્લાની તમામ કોર્ટમાં મેગા લોક અદાલતનું આયોજન રાષ્ટ્રીય કાનુની સેવાસત્તા મંડળના આદેશ થી કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્ઘાટન રાજકોટના ચેરમેન તથા પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ જજ વી.બી.ગોહિલ તથા એડિશ્નલ ડીસ્ટ્રીક્ટ જજ અને પ્રમુખ તથા અન્ય વકીલઓ દ્વારા દિપ પ્રાગટ્ય કરવામાં આવેલ. સદરહું ઉદ્ઘાટન પ્રસંગે રાજકોટ હેડ ક્વાર્ટરના તમામ ન્યાયાધીશ, બાર એસોસીએશનના પ્રમુખ, તમામ હોદ્દેદારો, જુદી જુદી વીમા કંપની ઓફીસરો, એડવોકેટો પી.જી.વી.સીએલના તેમના તેમજ વિવિધ બેંકના અધિકારીઓ તેમજ પક્ષકારો ઉપસ્થિત રહેલ હતા.


લોક અદાલત અગાઉ લગભગ છેલ્લા ત્રણેક મહિનાથી જુદી જુદી વીમા કંપની ફાયનાન્સ કંપની, પોલીસ અધિકારી વિગેરે સાથે મીટીંગો યોજી લોક અદાલત પહેલા પ્રિ-સીટીંગનું આયોજન કરી આજના દિવસે વધુ સમાધાન રાહે નિકાલ થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. આજના દિવસે જુદી જુદી કેટેગરીના ૩૫૦૦૦ પેન્ડીંગ કેસો હાથ પર લેવામાં આવનાર છે. જેમાંથી ૬૦ ટકાથી પણ વધુ સંખ્યામાં સમાધાનથી કેસોનો નિકાલ થાય તેવી આશા છે.

# જુનાગઢમાં પાનની દુકાનમાં ‘દેશીદારૂનું મિનિબાર’

## દુકાનમાંથી દારૂ ખરીદો,મકાનમાં મહેફિલ માણવાની સુવિધા આપતા પાનના ધંધાર્થીનો વિડીયો વાઈરલ થતાં બી ડિવિઝન પોલીસની કામગીરી સામે સવાલો ઉઠયા

**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

કમાઉ દીકરો સૌને વહાલો હોય તે કહેવત માફક જુનાગઢમાં જુદા જુદા પોલીસ સ્ટેશનના થાણા અધિકારીને કેટલાક બુટલેગરો વ્હાલા લાગી રહ્યા હોય તે રીતે તેની સાથે આર્થિક વહીવટી કરીને દેશીદારૂ વિદેશી દારૂ વેચાણ કરવા માટે છૂટો દોર આપી દેતા હોય છે.જ્યારે ખુલ્લેઆમ દેશી વિદેશી દારૂ વેચાણ અંગેના વિડીયો વાઈરલ થાય એટલે તુરત જ દોડી જઈને કાયદાકીય કાર્યવાહી કરી લેતા હોય છે.ત્યારે ગઇકાલે બી ડિવિઝન હેઠળ આવતા પોલીસ સ્ટેશન વિસ્તાર એટલે કે ઓઘડ નગરમાં મોંમાઈ પાનની દુકાનમાં ધોળા દિવસે પાન-માવાની સાથે







દેશીદારૂ વેચાણનો વિડીયો વાઈરલ થયો છે.વિડીયોના દ્રશ્યોમાં જોઇ શકાય કે પાનનો ધંધાર્થી રૂ.૪૦ લઈને ગ્રાહકને દેશીદારૂની કોથળી વેચી રહ્યા છે આ દેશીદારૂ સાથે શિગ,રેવડી,સાબુદાણા જેવી બાયટિંગ વ્યવસ્થા આપીને બાજુના મકાનમાં પીવા માટેની ઉતમ સુવિધા પણ આપી રહ્યો છે.દેશી દારૂની મહેફિલ માનતા નશાખોરો પણ વિડીયોમાં જોઈ શકાય છે.ત્યારે જૂનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ પરમાર અને વાળાની કામગીરી સામે સવાલો ઉઠયા છે ? જ્યારે અગાઉ એસીબીની રેડમાં સસ્પેન્ડ થયેલા એક ફોજદાર ઉપરી અધિકારીને આ વાઈરલ વિડીયો બાબતે ઊઠાં ભણાવી રહ્યા છે

# રાજકોટના ઉપલેટા ખાતે જિલ્લા કક્ષાના યોગ દિવસની ઉજવણી

**મુખ્ય સમાચાર, નિલેષ સોલંકી**

**ઢાંક:** રાજકોટમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જિલ્લા કક્ષાની ઉજવણી આજે ઉપલેટા ખાતે સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. અહીંની મામલતદાર કચેરી પાસે તાલુકા શાળાના મેદાન ખાતે યોજાયેલા યોગ દિવસના કાર્યક્રમમાં આશરે બે હજારથી વધુ લોકો જોડાયા હતા અને યોગમય બન્યા હતા. રાજ્ય યોગબોર્ડના પ્રશિક્ષિત શિક્ષકોએ યોગ બોર્ડના પ્રોટોકોલ પ્રમાણે સર્વને યોગ તથા પ્રાણાયામ કરાવ્યા હતા.







આ તકે સાંસદ શ્રી પરશોત્તમભાઈ રૂપાલાએ પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, ભારતની ગૌરવશાળી પરંપરા યોગવિદ્યાને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત કરવાનો પ્રયાસ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા થયો, તેના કારણે ભારતની આ સાંસ્કૃતિક ધરોહર વિશ્વ માનવજાત માટે ઉપયોગમાં આવવાનું શરૂ થયું તે ગૌરવની વાત છે. આ પ્રાચીન વિદ્યાનો પ્રભાવ વિશ્વમાં મોટા પ્રમાણમાં પડી રહ્યો છે ત્યારે આપણે પણ તેની સાથે વધુ જોડાવાનો પ્રયાસ કરવાની આવશ્યકતા છે.

જિલ્લા વહીવટીતંત્રએ જિલ્લા કક્ષાના યોગ કાર્યક્રમના તાલુકા સ્તરે કરેલા આયોજનને સાંસદશ્રીએ બિરદાવ્યું હતું. આ સાથે નવી પેઢી વધુમાં વધુ યોગવિદ્યા સાથે જોડાઈને સ્વસ્થ બને તેવી અપીલ પણ તેમણે કરી હતી.

આ તકે રાજકોટ જિલ્લા પંચાયતના અધ્યક્ષ શ્રીમતિ પ્રવિણાબહેન રંગાણીએ સંબોધનમાં જણાવ્યું હતું કે, યોગ એ આપણા ઋષિમુનિઓએ સમગ્ર વિશ્વને આપેલી અમૂલ્ય ભેટ છે. તેને વિશ્વસ્તરે પહોચાડવા વર્ષ ૨૦૧૪માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૧મી જૂનને યોગ દિવસ તરીકે ઉજવવા યુ.એન.માં પ્રસ્તાવ રજૂ કર્યો હતો, ત્યારથી દર વર્ષે ૨૧મી જૂન સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

ગુજરાત રાજ્યમાં યોગ પ્રવૃત્તિને વ્યાપક બનાવવા માટે રાજ્ય યોગ બોર્ડની સ્થાપના કરવામાં આવી છે, આ સાથે ખેલ મહાકુંભમાં પણ યોગને આવરી લેવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૪ની યોગ દિવસની થીમ ''સ્વયં, સમાજ માટે યોગ'' નક્કી કરવામાં આવી છે અને ગામથી લઈને મહાનગરો સુધી યોગ દિવસની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે યોગને રોજિંદા જીવનમાં અપનાવવાની અપીલ પણ તેમણે કરી હતી.

ધોરાજી ઉપલેટાના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલિયાએ સંબોધનમાં કહ્યું હતું કે, આધુનિક જીવનશૈલીના કારણે આજે લોકો શારીરિક, માનસિક, સામાજિક સહિતની ઘણી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે, બાળકો યુવાનોમાં મોબાઈલ જેવા ગેજેટના ઉપયોગથી તનાવ વધ્યો છે, ત્યારે શરીર અને મનના સ્વાસ્થ્ય માટે યોગ એકમાત્ર ઉપાય છે. યોગ એ શરીર, મન અને આત્માને જોડવાની અનોખી પ્રાચીન પદ્ધતિ છે. હજારો વર્ષ પહેલાં ઋષિ પતંજલિએ યોગસૂત્રમાં યોગના જ્ઞાનને રજૂ કર્યું છે. શરીર અને મનને સ્વસ્થ રાખવા માટે નિયમિત રીતે યોગ કરવા પર તેમણે ભાર મુક્યો હતો.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી બનાસકાંઠાના નડાબેટ ખાતે થઈ રહી છે, ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના ઉદબોધનનું અહીં લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર પ્રભાવ જોશી, જિલ્લા પોલીસવડા જયપાલસિંહ રાઠોર, જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, નિવાસી અધિક કલેક્ટર ચેતન ગાંધી, ઉપલેટા પ્રાંત અધિકારી જે. એન. લીખિયા, જિલ્લા રમત ગમત અધિકારી વી.પી. જાડેજા ,જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,ઉપલેટા મામલતદાર એમ.ટી.ધનવાણી, ઉપલેટા બાળ વિકાસ યોજના અધિકારી અગ્રણી અલ્પેશ ઢોલરિયા તથા રવિ માંકડિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જુનાગઢના દેશી દારૂના મીનીબારનો પર્દાફાશ કરનાર પત્રકારને મળી ધમકી

**મુખ્ય સમાચાર, જેતપુર**

જુનાગઢના જોશીપરા વિસ્તારમાં આવેલ મોમાઈ પાનની દુકાનમાં ખુલ્લેઆમ દેશી દારૂનું વેંચાણ કર્તા હોવાનો વિડીયો વાઈરલ કરનાર ન્યુઝ ચેનલના પત્રકાર હરેશભાઈ રવજીભાઈ ભાલીયાને અજાણ્યા શખ્સે ખાર રાખી પત્રકારના મોબાઈલ નંબર પર સમાચાર પ્રસિધ્ધ કરવા બદલ ધમકી આપી ગાળો ભાંડી હતી. આ અંગે પત્રકાર હરેશ ભાલીયાએ જેતપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરેલ છે.

# કોડીનારમાં રેલ્વે કોલોનીમાં સામાન્ય ઝઘડામાં દંપતિએ કરી મહિલાની હત્યા

## પોલીસે ગુનો નોંધી હત્યા કરનાર દંપતિને સંકંજામાં લીધું

**મુખ્ય સમાચાર, કોડીનાર**

કોડીનાર સ્થિત ખાનગી સિમેન્ટ કંપનીની રેલવે કોલોની માં રહેતા હેમંતકુમાર યાદવ નામના યુવાનના પત્ની સંજુકુમારી યાદવ ઉંમર વર્ષ ૩૯ નું આજરોજ તેના પાડોશી માં રહેતા યુવાને છરી ના ઘા જીંકી દેતા તેણીનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મૃત્યુ નીપજ્યુ હતુ. પાડોશી મહિલા સાથેની સામાન્ય બાબતની તકરારમાં મહિલા અને તેના પતિએ સંજુ કુમારીને છરીના ઘા જીંકી દીધા હતા આ ઘટના ના પ્રાથમિક જાણવા મળતી વિગત



મુજબ આજે બપોરના સમયે બનેલા આ ઘટના વખતે સંજુ કુમારી યાદવના પતિ હેમંતકુમાર યાદવ જમીને ખાનગી ટ્રાન્સપોર્ટ કંપની માં નોકરી કરવા ગયેલા ત્યારે સંજુકુમારી અને તેના બાળકો ઘરે એકલા હતા ત્યારે

તેના પાડોશીમાં રહેતી મહિલા સાથે સામાન્ય બાબતની તકરારમાં બોલાચાલી થયેલ જેથી મહિલાના અને પતિ એ સંજુ કુમારીને છરીના ઘા જીંકી દીધા હતા અચાનક બનેલા બનાવથી મૃતકના બાળકોએ તેમના પિતાને ફોન કરી જાણ કરી હતી જેથી હેમંતભાઈ યાદવ તુરત જ ઘરે આવેલા અને તેના પત્નીને લોહી લુહાણ હાલતમાં જોતા તેને પ્રથમ અંબુજાનગર હોસ્પિટલમાં લઈ ગયેલા પરંતુ તેણીનું મૃત્યુ નીપજ્યું હોય તેને કોડીનાર સરકારી દવાખાને પી.એમ.માટે ખસેડવામાં આવેલા બનાવની જાણ કોડીનાર પોલીસ ને કરવામાં આવતા પોલીસ પણ તુરત જ ઘટના સ્થળે પહોંચી જઈને પાડોશમાં રહેતા પતિ પત્નીની અટક કરીને વિશેષ તપાસ હાથ ધરી છે.

# આદિત્યાણામાં ભાઈની હત્યા કરનાર સગોભાઈ ખંભાળા પાસેથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, પોરબંદર**

આદિત્યાણાના ડંડકડી નેશમાં અઠવાડિયા પહેલા મોટાભાઈ દ્વારા નાનાભાઈની હત્યા કરાઈ હતી જે મામલે એલસીબીએ આરોપીને ખંભાળા નજીકથી ઝડપી લીધો છે

આ અંગેની માહિતી મુજબ આદિત્યાણાના ડંડકડી નેશમાં રહેતા અરજનભાઈ લાખાભાઈ કટારા (ઉ. વ.૭૩)એ ગત તા ૧૩ ના રોજ પોલીસ



ફરિયાદ નોંધાવી જણાવ્યું હતું કે તેના નાના પુત્ર રામા ઉર્ફે પવન અરજન કટારા (ઉ.વ. ૪૫) ને દારૂ પીવાની ટેવ હતી અને તેના લીધે અવારનવાર ઘરમાં નાની મોટી વાતમાં ઝઘડા કરતો હતો તા. ૧૨ની રાત્રે ૧૧ વાગ્યે રામા નશાની હાલતમાં આવી અને મોટેથી ગાળો બોલતો હોવાથી મોટા પુત્ર જગાએ તેને સમજાવ્યો હતો.પરંતુ રામો સમજ્યો ન હતો અને ઝઘડો ચાલુ રાખ્યો હતો. આથી જગો ઉશ્કેરાઈ ગયો હતો અને ફળિયામા પડેલ લાકડાના ગેડિયા વડે રામાને આડેધડ માર માર્યો હતો જેથી રામો ઈજાગ્રસ્ત હાલતમાં નીચે પડી ગયો હતો.નશાની હાલતમાં હોવાથી રામાને ત્યાં જમીન ઉપર જ પડયો રહેવા દીધો હતો અને સવારે પુત્રને જગાડવાની કોશિશ કરતા તે બોલતો ચાલતો નહોતો અને માથા અને પગમાંથી લોહી નીકળતા હતા.અને તેનું મોત નીપજ્યાનું સામે આવ્યું હતું આથી જગો તુરંત ત્યાંથી નાસી ગયો હતો.બાદમાં તેને ખંભાળા ગામના પાટિયા પાસેથી ઝડપી લેવાયો હતો.

# જામનગરના જર્જરીત ૧૪૦૪ આવાસના ૨ બ્લોકને કરાયા જમીનદોસ્ત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના અંધાશ્રમ પાસે આવેલા ૧૪૦૪ આવાસ જર્જરિત બનતા મનપા દ્વારા તમામ રહીશોને એક વર્ષ પહેલા જ ખાલી કરવા નોટિસ આપવામાં આવી હતી. તો બીજી તરફ અહીં રહેતા લોકોએ વૈકલ્પિક વ્યવસ્તાની માગ કરી ખાલી કર્યા ન હતા. એક વર્ષ બાદ ફરી ચોમાસુ આવતા મનપા દ્વારા આજથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે આવાસ ખાલી કરાવી ડીમોલીશન હાથ ધરવામાં આવ્યું છે. આજે બે બ્લોક ખાલી કરાવી તોડી પાડવામાં આવ્યા હતા. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.જામનગર શહેરના ૧૪૦૪ આવાસ યોજનાના મકાનો અત્યંત જર્જરિત અને જોખમી હાલતમાં હોવાથી



મહાનગરપાલિકા દ્વારા ગત વરસે જૂન-૨૦૨૩ માં મકાનના રહેવાસીઓને આવાસ ખાલી કરી આપવા નોટીસ આપી હતી. તેમ છતાં આસામીઓએ મકાન ખાલી કર્યા ન હતા.આજે સવારે જેએમસીની એસ્ટેટ શાખા તેમજ અન્ય શાખા દ્વારા જગ્યા કરાવવા માટે તેમજ જર્જરિત મકાનોને ધરવામાં આવી છે, અને બ્લોક નંબર ૭૧ અને ૭૨ નંબરના બે બિલ્ડિંગ, કે જેમાં ૧૨-૧૨ફ્લેટ આવેલા છે, તે પૈકીના ૨૪ ફ્લેટ આજે સૌ પ્રથમ ખાલી કરાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાની ટીમની સાથે ભારે પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. કેટલાક સ્થાનિક નાગરિકો કે જેઓ વિરોધ કરી રહ્યા હતા તેઓને ભારે સમજાવટ પછી આજે સૌ પ્રથમ બે બ્લોક ખાલી કરાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જે બે બ્લોક ખાલી કરાવાયા તેમાં હાલ ૮ જેટલા રહેવાસીઓ વસવાટ કરતા હતા, તેઓને માલ સામાન ખાલી કરાવી ડીમોલીશન કરવામાં આવ્યું છે. સ્થાનિક લોકોએ વિરોધ કરતા કહ્યું હતું કે, મહાનગરપાલિકાએ પાણી બંધ કરી અમને બળજબરીપૂર્વક ખાલી કરાવે છે. મનપાને અમારી નહીં પણ અમારી જમીનની કિંમત છે. લોકોની કિંમત હોય તો આવો અત્યાચાર ન કરે. હવે અમે અમારી રીતે લડત ચલાવીશું.

મનપાના અધિકારીએ કહ્યું હતું કે, હવે રિડેવલમેન્ટનું ટેન્ડર બહાર પડાશે. જેમાં એજન્સી આવ્યા બાદ વૈકલ્પિક વ્યવસ્થા અંગે નિર્ણય કરાશે. હાલ અહીં રહેતા લોકો માટે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી નથી. રિડેવલપમેન્ટ માટે જ્યારે ટેન્ડરીંગ કરવામાં આવશે ત્યારે જે એજન્સી આવશે તેના દ્વારા વ્યવસ્થા કરાશે. જેમ જેમ બ્લોક ખાલી થશે તે રીતે ડીમોલીશન કરાશે.

# રાજકોટના યુવાનનું આઠ વ્યાજખોરોએ કર્યુ અપહરણઃ પોલીસે પીછો કરતા વાંકાનેર પાસે છોડી દીધો

## પોલીસે આઠ શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી બે શખ્સોની ધરપકડ કરી અન્યની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુળ સાયલાના વતની અને હાલ રાજકોટ રહેતા યુવાનનું વ્યાજની ઉઘરાણીમાં સાયલા નજીકથી અપહરણ કરાયા બાદ પોલીસે પીછો કરતા વાંકાનેર પાસે યુવાનને છોડી મુક્યો હતો. આ મામલે ૮ સખ્સો વિરુદ્ધ ગુનો નોંધાયા બાદ પોલીસે બે શખ્સોની ધરપકડ કરી છે. જ્યારે અન્યની શોધખોળ શરૂ કરાઈ છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં રહેતો મુળ સાયલાનો વિવેક ઉર્ફે લકી જીતેન્દ્રભાઈ માણેક નામનો યુવાનની ફરિયાદને આધારે રાજકોટના '' દેવેન્દ્રસિંહ ઉર્ફે ડી.ડી. દોલતસિંહ જાડડા, મોના ભરવાડ, યજ્ઞરાજ નનકુ બસિયા તથા વાંકાનેરના રાતીદેવડીના પ્રશાંત બળવત વોરા, નિખિલ મોતીભાઈ ચાવડા, ગૌતમ બળવંત વોરા, યોગેશ નવીન વોરા અને સાહિલ રમેશ વોરા વિરુદ્ધ ગુનો નોંધાયો છે.

પોલીસે આ મામલે પ્રશાંત અને નિખિલ ચાવડાની ધરપકડ કરી છે. સમગ્ર બનાવની ફરિયાદ મુજબ રાજકોટમાં વિવેક ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતો હોય જેને ધંધામાં નુકશાની જતાં રૂપિયાની જરૂરિયાત ઉભી થતાં રાજકોટના દેવેન્દ્રસિંહ ઉર્ફે ડી.ડી. દોલતસિંહ જાડેજા તથા મોના ભરવાડ પાસેથી બે લાખ રૂપિયા વ્યાજે લીધા હતાં. તેમજ ૩૫ લાખ ધંધામાં રોકાણ માટે લીધા હતા અને સમયસર વ્યાજ પણ આપતો હતો. ઉપરાંત તેણે યજ્ઞરાજ નનકુ બસિયા પાસેથી દોઢ લાખ તેમજ અન્ય લોકો પાસેથી વ્યાજે લીધા હતાં. દોઢ લાખના બદલામાં ઈનોવા ગાડી છ મહિના પહેલા યજ્ઞરાજને આપી હોય તે ગાડી સંજયસિંહ ઝાલા નામના વ્યક્તિ ચલાવતો હોય વિવેકે બે લાખ ઉછીના હોય જે બાબતે તેની સામે છેતરપીંડીની ફરિયાદ પણ થઈ હતી.

અને યુનિવર્સિટી પીલોસે તેની ધરપકડ પણ કરી હતી. આ ઘટનામાં આરોપી તરીકે જેનું નામ આપ્યું છે તે પ્રશાંત બળવંત વોરા, વિવેકનો સાઢુભાઈ છે. પ્રશાંતને તેની પત્ની ક્રિષ્ના સાથે મનદુખ ચાલતું હોય જેથી છુટાછેડા કરાવવા માટે પ્રશાંતે તેની સાળી ક્રિષ્નાની મદદ કરતા પ્રશાંત અને વિવેક વચ્ચે મનદુખ થયું હતું.

ઉઘરાણી કરતા વ્યાજખોરોના ડરથી વિવેક છેલ્લા ઘણા વખતથી રાજકોટ ઉપરાંત અમરેલી, જૂનાગઢ સહિતના શહેરોમાં આસરો મળવતો હતો. ગત તા. ૯ જૂનના રોજ તે સાયલાના સુદામડામાં રહેતા તેના મિત્ર રાજેન્દ્ર જગુભાઈ ખવડને ત્યાં વાડીએ રહેવા આવ્યો હતો. અને છેલ્લા ૧૦ દિવસથી ત્યાં આસરો મેળવ્યો હોય બે દિવસ પૂર્વે ૧૯ જૂનના રોજ વિવેક સાયલાના જસાપર ચોકડી પાસે હતો ત્યારે ઈનોવા કારમાં દેવેન્દ્રસિંહ,

યજ્ઞરાજ બસિયા અને સાઢુભાઈ પ્રશાંત તેમજ તેના મિત્ર નિખિલ મોતી ચાવડાએ અપહરણ કરી લીધું હતું. અને રસ્તામાં પ્રશાંતના ભાઈ ગૌતમને ફોન કરતા ગૌતમ, યોગેશ, સોહિલ સ્કોર્પિયો લઈને રસ્તામાં ભેગા થયા હતાં. વિવેકનું અપહરણ કરીને સાયલાથી રાજકોટ તરફ લાવવામાં આવતો હતો ત્યારે આ મામલે વિવેકના મિત્ર રાજેન્દ્ર ખવડે સુરેન્દ્રનગર પોલીસને જાણ કરતા સુરેન્દ્રનગર પોલીસ અપહરણ કારોનો પીછો કરી રહી હતી ત્યારે તે વાતની જાણ થતાં વાંકાનેર બાઉન્ડ્રી નજીક આવેલ સહયોગ હોટલના ગ્રાઉન્ડમાં વિવેકને ઉતારી તેને બેફામ મારમારી ટોળકી ભાગી ગઈ હતી. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ પોલીસે ઈનોવા કાર સાથે પ્રશાંત વોરા અને નિખિલ ચાવડાને સકંજામાં લઈ અન્યની શોધખોળ શરૂ કરી છે.

# રાજકોટ ખાતે બ્રાહ્મણ પરિવારના યુવાન અર્જુન વ્યાસના હત્યારા વિરૂધ્ધ કડક કાર્યવાહી કરી ફાંસીની સજા આપવા માંગ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર રાજકોટ**

તાજેતરમાં રાજકોટ ખાતે બ્રાહમણ સમાજ ના યુવાન અર્જુન પ્રફુલ્લભાઈ વ્યાસ (ઉ.વ.૨૦) વર્ષ જેઓ પરિવાર સાથે રાજકોટ ખાતે ગાંધીગ્રામ વિસ્તારમાં શેરી નં.૮ બ માં શાંતિ કુંજ મકાનમાં રહેતા હોય તા.૨૦-૬-૨૦૨૪ના રાત્રિના એમનો મિત્રો દ્વારા કરવામાં નિર્મમ હત્યાના આરોપીઓ વિરુધ્ધ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે અને ફાંસી ની સજાની માંગણી બ્રહમ સેના દ્વારા લોકોમાં ઉઠી રહેલ માંગણી સાથે ઉગ્ર રોષ ની લાગણી સાથે રાજકોટ ખાતે તા.૨૨-૬-૨૦૨૪ના રોજ બ્રાહમણ પરિવારના વિવિધ આગેવાનો અને સમાજ ના શ્રેષ્ઠીઓ કાર્યકર્તાઓ અને વિવિધ જ્ઞાતિના ભાઈ-બહેન વડીલો સૌ દ્વારા સ્વ.અર્જુન પ્રફુલ્લભાઈ વ્યાસ ની હત્યા ના બનાવની દુઃખ દાયી લાગણી અને સમર્થન આપવા એમના પરિવારને આવારા તત્વો થી ભયમુક્ત સુરક્ષા મળી રહે અને આવી ઘટના ન બને માટે કાયદો વ્યવસ્થા સાથે કાનની સહકાર મળી રહે એવી લાગણી સાથે ગુનેગારને ફાંસી ની સજાની માંગણી સાથે રાજકોટ ખાતે પોલીસ કમિશનરના માર્ગદર્શન હેઠળ ઉપરોક્ત વિગત અનુસાર કાર્યવાહી કરવામાં આવે તથા ગુજરાત રાજ્યના ગૃહમંત્રીની સુચિત કરવા લેખીત રજૂઆત કરવામાં આવે છે. સ્વ.અર્જુન વ્યાસ ની હત્યા ની ફરિયાદ એમના પરિવાર દ્વારા ગાંધીગ્રામ વિસ્તારમાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તેની નોંધ લેવા નમ્ર વિનંતી સાથે આવેદન પત્ર પાઠવવીએ છીએ.

# છુટાછેડા થઈ જતા યુવાને મેહુલનગરમાં સસરાના ઘરે જઈ જાત જલાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોઠારીયા રોડ ઉપર આવેલા હુડકો ફાયર સ્ટેશન પાસે રહેતા અને સાડીનો ધંધો કરતા સંજય ગોવિંદભાઈ પિત્રોડા ઉ.વ.૪૮ નામના યુવાને નવ વાગ્યા આસપાસ કોઠારીયા મેઈન રોડ ઉપર આવેલા મેહુલનગરમાં સસરા ના ઘરે હતા ત્યારે કોઈ કારણોસર પોતાની જાતે પેટ્રોલ છાંટી આગ ચાંપી દાઝી જતાં બેભાન હાલતમાં સારવાર વખતે સિવિલ હોસ્પિટલમાં ખસેડતા સિવિલ ચોકીના સ્ટાફે નોંધ કરી ભક્તિનગર પોલીસને જાણ કરતાં જમાદાર નરેન્દ્ર ગઢવી સહિતનો સ્ટાફ દોડી ગયો હતો.પ્રાથમિક તપાસમાં ૨૫ દિવસ પૂર્વે પત્નિએ છૂટાછેડા આપી દીધા હોય તે માટે સસરાના ઘરે છોકરાનો આજે જન્મદિવસ હોય જેથી મળવા ગયા હતા.ત્યાંજ જાત જલાવી લેતા અફડાતફડીનો માહોલ સજાર્યો હતો.ઈજાગ્રસ્ત સંજયભાઈ ને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડી હાલ સારવાર હેઠળ રખાયા છે.આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# તા.૨૫ જુનના કોંગ્રેસના રાજકોટ બંધના એલાનને અગ્નિકાંડના પીડીત પરિવારનો ટેકો



(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગત તા.૨૫ મેના રાજકોટમાં ટીઆરપી ગેમઝોનમાં સર્જાયેલી કરૂણાંતીકામાં ૨૭ નિર્દોષ લોકો કાળનો કોળિયો બની ગયા હતા. આગામી તા.૨૫ જુન સોમવારના આ અગ્નિકાંડમાં મોતના ભેટેલા લોકોની પ્રથમ માસિક પુણ્યતિથિ હોય રાજકોટ કોંગ્રેસ દ્વારા મૃતકોને શ્રધ્ધાંજલિ પાઠવવા આ તારીખે રાજકોટ બંધનું એલાન આપવામાં આવ્યું છે. જે એલાનને આજે ગેમઝોનના પીડીત પરિવારોએ સંપૂર્ણ ટેકો આપ્યો હતો. બહુમાળી ભવન ખાતે એકઠા થયેલા મૃતકોના પરિવારજનોએ શહેરીજનોને આ બંધમાં જોડાવવા દર્દભરી અપીલ કરી હતી. તેઓએ બેનર ફરકાવી તેમાં જણાવ્યું હતું કે આ અગ્નિકાંડમાં અમો ભોગ બન્યા છીએ. આવતીકાલે બીજી કોઈ વ્યક્તિ આવા કાંડનો ભોગ ન બને તે માટે સહકાર આપી સોમવારે રાજકોટ બંધ પાડી.

# જામકંડોરણામાં ગેરકાયદે માટી કાઢવાની ના કહેતા યુવાનને વકીલે આપી ધમકી

## વકિલે અનુજાતિ યુવાનને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામકંડોરણામાં સરકારી ખરાબાની જમીનમાંથી માટી કાઢવાની ના પાડતા યુવાનને ધારાશાસ્ત્રીએ મારી નાંખવાની ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે. માહિતી મુજબ જામકંડોરણામાં ઈન્દીરાનગરમાં રહેતાં વિરજીભાઈ ઉર્ફે વિરાભાઈ કરમટા (ઉ.વ.૩૨) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે કાંતિ ભગવાનજી બાલધાનું નામ આપી જણાવ્યું હતું કે તેઓ સવારના સમયે ફોફળ ડેમ વિસ્તારમાં ભેસો ચરાવતા હતા ત્યારે નદીના કાઠે સરકારી ખરાબાની પડતર જમીનમા વકીલ કાંતી બાલધા જેસીબીથી માટી કાઢી ટ્રેકટર ભરી તેની બાજુમા આવેલી પોતાની જમીનમા નાખતા હતા. જેથી તેઓએ મારી ભરવાની ના પાડતા વકીલ ઉશ્કેરાયા હતા અને પાવડો હાથમાં લઇ વિરજીભાઈને મારી નાખવાની ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે અપમાની કર્યા હતા. જેથી જામકંડોરણા પોલીસે ગુનો નોંધી વકીલને સકંજામાં લીધા છે.

# રામનાથપરાના પુલ પાસે યુવાન પર બે શખ્સોનો જીવલેણ હુમલો

## મોબાઈલ ફોનનો હપ્તો નહીં ભરતા યુવાન સાથે ઝઘડો થયો હતોઃ બે શખ્સો છરીના ઘા ઝીંકી ફરાર થઈ ગયા : પોલીસે હત્યાની કોશિષનો ગુનો નોંધી શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર રાજકોટ**


શહેરના જુની જેલ રોડ પર રામનાથપરા પાસે ભાણજીદાદાના પુલ પાસે મોબાઈલના હપ્તા ભરવા બાબતે ઝઘડો કરતા બે શખ્સોએ યુવાન પર છરી વડે હુમલો કરી હત્યા કરવાની કોષિશ કર્યાની ઘટના પ્રકાશમાં આવતા ભારે ચકચાર મચી જવા પામી છે. એ-ડિવિઝન પોલીસે જંગલેશ્વરના બે શખ્સો વિરુધ્ધ ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ નારોદા સોસાયટી મેઈન રોડ પર ભાડાના મકાનમાં રહેતી નસીમબેન ઈરફાનભાઈ ઉર્ફે લતીપ કારવા (ઉ.વ.૩૭) નામની મુસ્લિમ મહિલાએ એ-ડિવિઝન પોલીસમાં જંગલેશ્વરમાં રહેતો સાગર ગૌસ્વામી અને દિનેશ ઉર્ફે બાબરી હકા લીંબડીયા વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે, તેના પતિ ઈરફાન ઉર્ફે લતીપ કારવા તેના મિત્ર હિતેષ આહીર ના નામે થોડા સમય પહેલા હિતો ઉર્ફે ખેંગારને હપ્તે ફોન લઈ દીધો હોય અને હિતેષ ઉર્ફે ખેંગાર સાથે હપ્તા ભરવા બાબતે તેને અને હિતેષ આહીરને બોલાચાલી ઝઘડો થયેલ હોય ત્યારે આરોપી સાગર ગૌસ્વામી વચ્ચે પડેલ હોય અને બે-ત્રણ દિવસ પહેલા આ હપ્તે ફોન લઈ દીધા બાબતે ઈરફાન ઉર્ફે લતીપ સાથે ફોનમાં સાગર ગૌસ્વામીને બોલાચાલી થઈ હતી. જે બાબતનો ખાર રાખી ગઈકાલે ઈરફાન અને તેના મિત્ર નાસ્તો કરવા જઈ રહ્યા ત્યારે રામનાથપરા જુની જેલની સામે ભાણજીદાદાના પુલ પાસે પહોંચતા સામે સાગર ગૌસ્વામી અને દિનેષ ઉર્ફે બાબરીનો ભેટો થઈ જતા સામાન્ય બોલાચાલી થઈ હતી અને સમાધાન કરવા નું કહેતા ઉશ્કેરાયેલા આ બંને શખ્સોએ નેફામાંથી છરી કાઢી ઈરફાન ઉર્ફે લતીફને પડખાના ભાગે પગની સાથળમાં પાછળના ભાગે તથા ગુપ્ત ભાગે અને છાતી તથા પેટના ભાગે ઉપરાછાપરી છરીના અનેક ઘા ઝીંકી દઈ હત્યા કરવાની કોષિશ કરી નાસી ગયા હતા. બનાવ બાદ યુવાનને ગંભીર હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગેની જાણ એ-ડિવિઝન પોલીસ મથકે કરવામાં આવતા પીઆઈ બી.એમ.જણકાંટ સહિતનો પોલીસ કાફલો હોસ્પિટલ ખાતે દોડી જઈ ઈજાગ્રસ્તની પત્ની નસીમબેનની ફરિયાદ લઈ જંગલેશ્વરનો સાગર ગૌસ્વામી અને દિનેષ ઉર્ફે બાબરી વિરુધ્ધ હત્યાની કોષિશની ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે.

# દુધના કેનમાં વિદેશી દારૂ છુપાવી ડિલેવરી આપવા નિકળેલો બુટલેગર ઝડપાયો

## ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમે બાતમીના આધારે પરસાણા ચોકથી કણકોટ તરફ જવાના રસ્તે દબોચી લઈ રૂ.૪૬ હજારનો મુદ્દામાલ કબજે કર્યો





**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં વિદેશી દારૂ વેંચતા બુટલેગરો પોલીસથી બચવા નીતનવા નુસખાઓ અપનાવતા હોય છે. ત્યારે રાજકોટના ગવર્નમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ પાછળ પંચરત્ન પાર્કમાં રહેતો ભરવાડ શખ્સ દારૂ-બિયરનો જથ્થો દુધના કેનમાં છુપાવી ડિલેવરી આપવા નિકળતા પોલીસે દબોચી લઈ રૂ.૪૬ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ડીસીપી ઝોન-૨ એલસીબી ટીમના પીએસઆઈ આર.એચ.ઝાલા ની સુચનાથી હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ, વિરેન્સિંહ, જેન્તીગિરી, ધરમરાજસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે કણકોટ ગવર્નમેન્ટ એન્જીનીયરીંગ કોલેજ પાછળ પંચરત્ન પાર્કમાં રહેતો રાહુલ બોદા વકાતર નામનો ભરવાડ શખ્સ ૫૪ બોટલ વિદેશી દારૂ અને ૭૨ નંગ બિયરના ટીન દુધના કેનમાં છુપાવી ડિલેવરી આપવા નિકળતા પોલીસે પરસાણા ચોકથી કણકોટ તરફ જવાના રસ્તે દબોચી લઈ રૂ.૪૬૭૦૦નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બેડી ગામે મંદિરમાંથી છતરની ચોરી કરનાર રીઢો તસ્કર ઝડપાયો

## સીસીટીવી ફૂટેજના આધારે ઝડપાયેલા શખ્સે ૯ જેટલી ચોરી કર્યાની આપી કબુલાત





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા બેડી ગામે બે મંદિરને નિશાન બનાવી તસ્કર માતાજીને ચડાવેલા છતરની ચોરી કરી ગયો હતો. આ બનાવ સીસીટીવી ફૂટેજમાં કેદ થઇ જતા કુવાડવા રોડ પોલીસે બંન્ને બનાવ અંગે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે ચોરી કરનાર ભગીરથ સોસાયટીના રીઢા તસ્કરને ઝડપી લીધો હતો. પોલીસ પૂછપરછમાં અન્ય ૯ જેટલી ચોરી કર્યાની આરોપી કબુલાત આપી હતી.

આ અંગેની માહિતી મુજબ બેડી ગામે રહેતા નવઘણભાઈ સિંધાભાઈ ગોલતર (ઉ.૪૮)એ કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેઓ ગામમાં આવેલા બે મુખ વાડા મેલડી માતાજીના મંદિરમાં સેવા પૂજા કરતા હોય ગત તા.૨૬/૨ના રોજ વહેલી સવારે તેઓ મંદિરમાં સેવા પૂજા કરીને ઘરે આવ્યા બાદ સાંજે ફરી સેવા પૂજા કરવા માટે મંદિરમાં જતા માતાજી ઉપર ચડાવેલું ૪૦૦ ગ્રામ ચંદીનું છતર કિ.સ્વા.૩૦ હજાર ગાયબ હોય જેથી મંદિરમાં લગાવેલા સીસીટીવી તપાસતા તેમાં એક શખ્સ ચોરી કરતો કેદ થઈ ગયો હતો. આ અંગે જે તે વખતે તેમણે કુવાડવા રોડ પોલીસ મથકમાં અરજી કરી હતી.


જ્યારે બીજા બનાવમાં બેડી ગામે રહેતા જશમતભાઈ ઘોઘાભાઈ સાજરીયા (ઉ.૫૦)એ કુવાડવા રોડ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેમના મકાનની બાજુમાં તેમની જ્ઞાતિના કુળદેવી મોમાઈ માતાજીનો મઢ આવેલો છે. જેમાં તેઓ સેવા પુજા કરે છે. ગત તા.૧૮/૬ના રોજ વહેલી સવારે

તેઓ સેવા પૂજા કરીને ઘરે આવ્યા હતા બાદમાં ૧૦ વાગ્યે તેમના કોંટુંબીક ઘરે આવી માતાજી ઉપર ચડાવેલું ૫૦૦ ગ્રામનું ચાંદીનું છતર કી.રૂ.૩૫ હજાર ચોરી થઈ ગયું હોવાની જાણ કરતા તેઓ મંદિરે દોડી ગયા હતા અને સીસીટીવી તેમાં એક શખ્સ મંદિરમાં ચોરી કરતો કેદ થઇ ગયો હતો. જે અંગે કુવાડવા રોડ પોલીસ મથકમાં જાણ કરી હતી. કુવાડવા રોડ પોલીસે તપાસ હાથ ધરતા બંન્ને બનાવમાં એક જ આરોપી હોય જેથી સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી ભેંગીરથ સોસાયટીમાં રહેતા રીઢા તસ્કરને ઝડપી લીધો હતો. પોલીસ પૂછપરછમાં તેણે ૯ જેટલી ચોરી કર્યાની કબૂલાત આપતા પોલીસે આરોપીના રીમાન્ડ મેળવવા તજવીજ હાથ હાથ ધરી છે.

# પ્રેમ લગ્ન કરનાર પુત્રી સાથે પિતાએ સંબંધ તોડી નાંખતા પરિણીતાનો આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાણવડ તાલુકાના મોડપર ગામે રહેતી અને પ્રેમલગ્ન કરનાર પરણિતાએ ઝેરી દવા પી લેતા તેનો સારવાર દરમિયાન રાજકોટ હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. પ્રેમલગ્ન કર્યા બાદ પિતાએ સંબંધ તોડી નાખતા લાગી આવતા આ પગલુ ભરી લીધાનું જાણવા મળ્યું છે.



આ અંગેની માહિતી મુજબ ભાણવડ તાલુકાના મોડપર ગામે રહેતી સંતોકબેન ઉર્ફે સતીબેન નગાભાઈ નંદાણીયા (ઉ.વ.૩૦) નામની પરિણીતાએ પોતાના ઘરે ઝેરી દવા પી લેતા તેને સારવાર માટે પ્રથમ ભાણવડ બાદ ઉપલેટા અને અત્યાર બાદ વધુ સારવાર માટે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ અહીં તેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક સંતોકબેને ૨૦૧૨માં તેની જ્ઞાતિના જ નગાભાઈ સાથે પ્રેમલગ્ન કર્યા હતા. તેની સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હો પ્રેમલગ્ન બાદ કલ્યાણપુર ગામે રહેતા તેના પતિ વભ તોડી નાખ્યા હોય જે બબાતનું લાગી આવતા આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. આ બનાવથી બે દેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

# વિરમગામ હાઈ-વે પર વિઠ્ઠલગઢ પાસે ડમ્પરે ઠોકરે ચડાવતા બાઈકમાં ત્રિપલ સવારીમાં જતા યુવકોના મોત

## બાઈક પર નોકરી કરવા જતા ત્રણ યુવાનો કાળનો કોળીયો બન્યા





**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર વિરમગામ હાઇવે પર આવેલા વિઠ્ઠલગઢ નજીક પુરપાટ ઝડપે દોડી આવતા ડમ્પર ચાલકે ત્રિપલ સવારીમાં બાઈક પર જતાં યુવકોને ઠોકર મારતા તેઓના ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મૌત નિપજ્યાં છે. જ્યારે ડમ્પરે યુવકો સાથે બાઈકને ૫૦ મીટર સુધી ઢસડતા હાઈવે પર લોહીના ખાબોચિયા ભરાયા હતા.

આ અંગેની માહિતી મુજબ વિરમગામ હાઇવે પર આવેલા વિઠ્ઠલગઢ ગામ પાસે બાઇક અને ડમ્પર વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઇકમાં સવાર ત્રણ યુવકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા.આ ગમખ્વાર અકસ્માતમાં મૃત્યુ પામેલા ત્રણેય યુવક દલિત સમાજના હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં મૃતક ગૌતમભાઈ દેવીદાસ પરમાર અને જીગાભાઈ કિસાભાઈ બાવળિયા વિઠ્ઠલગઢનાં અને ત્રીજો યુવક અશોકભાઈ મફાભાઈ સેનવા વિરમગામ તાલુકાના ધુલેટા ગામનો વતની હતો.અને ત્રણેય યુવકો એક ક સાથે નોકરી પર જતાં હોવાનું જાણવા મળ્યું હતું. આ અકસ્માતમાં બાઈકને ડમ્પરે રોડ પર ૫૦ મીટરથી વધારે ઢસડ્યું હોવાથી રોડ પર લોહીના ખાબોચીયા ભરાયા હતા.

બાઇક પર ત્રિપલ સવારીમાં નોકરીએ જતાં અને ભાવિક ભરાતા કાળનો ઘટનાની જાણ થતા લખતર પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. અને મૃતદેહને લખતર સરકારી હોસ્પિટલે પોસ્ટમોર્ટમ અર્થે ખસેડયા હતા. જ્યારે આ અકસ્માત સર્જી નાશી છૂટેલા ડમ્પર ચાલક સામે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ આધારે તેની શોધખોળ શરૂ કરવામાં આવી રહી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT